# આત્મધર્મ

## વર્ષ ૨૪

## સળંગ અંક ૨૮૦

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૮૦

## લાખ વાતની વાત

ગુરુદેવ ગામે ગામે એક વાત ઉપદેશતા જાય છે કે ભાઈ, મનુષ્યપણામાં આવો અવસર તને મળ્યો છે તો તેમાં આત્માનું હિત કેમ થાય? તે સમજી લે. ધનની પ્રાપ્તિ માટે કેટલો હેરાન થાય છે? ને કેટલો પ્રયત્ન કરે છે? તો હે ભાઈ, ચૈતન્યનું સાચું સુખ કેમ પમાય? પોતામાં જ જે સુખ ભર્યું છે, પોતાનું તે સુખ પોતાને કેમ અનુભવાય? તેને માટે તું ઉદ્યમ કર. રાગથી ભિન્ન તારું ચૈતન્યતત્ત્વ શું છે તેના અનુભવ વગર બીજાં બધું નિરર્થક છે, તેમાં આત્માનું કલ્યાણ નથી. આત્માનું કલ્યાણ કરવા માટે જીવ-અજીવની ભિન્નતાનું વાસ્તવિક સ્વરૂપ સમજીને ભેદજ્ઞાન કર. ભાઈ, આવો મોંઘો અવસર મળ્યો છે તો આત્માની દરકાર કરીને આત્મહિતને સાધી લે.– ફરીફરીને સન્તોનો એ ઉપદેશ છે.

卐 * 卐

તંત્રી: જગજીવન બાવચંદ દોશી * સંપાદક: બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૩ માહ (લવાજમ: ત્રણ રૂપિયા) વર્ષ ૨૪ અંક ૪

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

## વા.....ત્સ.....લ્ય

'આપણે સૌ સાધર્મી' એવા ધાર્મિક વાત્સલ્યની ઉત્તમતાસૂચક લેખ ગતાંકમાં આ સ્થાને પ્રગટ થયેલ, તે સંબંધમાં વાંચકોએ પ્રસન્નતા વ્યક્ત કરી છે. ગુરુદેવના પ્રભાવે જેમ આજે જ્ઞાનપ્રભાવના ભારતભરમાં વિકસી રહી છે તેમ સર્વત્ર સાધર્મીઓમાં વાત્સલ્ય પણ વિસ્તરી રહ્યું છે, –તે દેખીને હર્ષ થાય છે. બંધુઓ, ચારેકોર વિકથાથી કે કુતત્ત્વોથી ભરેલા આ સંસારમાં સાચા વીતરાગી દેવ–ગુરુ–ધર્મના ઉપાસક જીવો બહુ થોડા છે; એવા સાધર્મીના મિલનથી કે એની પાસેથી ધર્મચર્ચાના બે શબ્દો સાંભળવાથી મુમુક્ષુને આ અસાર સંસારનો ભાર ઊતરી જાય છે. સાધર્મીઓના મિલનમાં તો વીતરાગી ધર્મનું બહુમાન, ધર્માત્મા જીવોની પ્રશંસા, દેવ–ગુરુ–શાસ્ત્રની ઉપાસનાસંબંધી ચર્ચા–એવા જ પ્રસંગ હોય, સંસારના પ્રસંગ ત્યાં ન હોય. આમ સાધર્મીનો સંગ ધર્મની ભાવના પુષ્ટ કરે છે. એટલે જ્યાં પોતાની ધર્મભાવના પુષ્ટ થાય ત્યાં જિજ્ઞાસુને વાત્સલ્યની ઉર્મિ સહેજે આવે છે. એક જ ગામે જતા બે વટેમાર્ગુ રસ્તામાં ભેગા થતાં પણ પરસ્પર સ્નેહ જાગે છે, તેમ એક જ ધર્મને ઉપાસીને મોક્ષપુરી તરફ જઈ રહેલા મોક્ષના બે વટેમાર્ગુઓને પણ પરસ્પર ધર્મસ્નેહ જાગે છે કે અહો! જે માર્ગે હું જાઉં છું તે જ માર્ગે મારા સાધર્મીઓ આવે છે, એક જ પથના અમે પથિક છીએ. –અમારા દેવ એક, અમારા ગુરુ એક, અમારો ધર્મ એક, અમારો માર્ગ એક. –આવું એકત્વ હોય ત્યાં વાત્સલ્ય હોય જ. ધર્માત્માઓનાં વાત્સલ્યઝરણાં તો કોઈ અદ્‌ભુત હોય છે. આ કાળે ધર્માત્માઓનું એવું વાત્સલ્ય જોવા મળવું –એ પણ મહાન ભાગ્ય છે. વાત્સલ્યવંતા ધર્માત્માનાં બે શબ્દો પણ સંસારના બધા કલેશને ખંખેરી નાંખે છે. અંજના સતી દુનિયાથી તરછોડાયેલી, પણ જ્યારે મુનિઓના શ્રીમુખથી ધર્મવાત્સલ્ય ભરેલાં વચન સાંભળે છે ત્યાં તો આનંદથી ઉલ્લસી જાય છે ને જીવનના બધા દુઃખ ભૂલાઈ જાય છે. આમ વાત્સલ્ય એ એક મહાન ઔષધ છે. સંસારસંબંધી રાગબંધન તો જીવને મોહિત કરનારું છે, પણ ધર્મસંબંધી સ્નેહરૂપ જે સાધર્મી–વાત્સલ્ય તે મોહબંધન તોડવા અને ધર્મને સાધવા માટે ઉત્સાહ પ્રેરનારું છે. ગુરુદેવાદિ સંતધર્માત્માઓના પ્રતાપે આવું વાત્સલ્ય સાધર્મીઓમાં સર્વત્ર પ્રસરી રહ્યું છે...તે વાત્સલ્ય વધુ ને વધુ વિસ્તરો.

--जयजिनेन्द्र

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૩
માહ

* વર્ષ ૨૪: અંક ૪ *

## મુ...મુ...ક્ષુ...ની વિ...ચા...ર...ણા

હે જીવ! તને એમ અંતરમાં લાગવું જોઈએ કે આત્માને ઓળખ્યા વગર છૂટકો નથી. આ અવસરમાં જો હું મારા આત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ નહિ કરું તો મારો ક્યાંય છૂટકારો નથી. અરે જીવ! વસ્તુના ભાન વગર તું ક્યાં જઈશ? તને સુખશાંતિ ક્યાંથી મળશે? તારું સુખશાંતિ તારી વસ્તુમાંથી આવશે કે બહારથી? તું ગમે તે ક્ષેત્રે જા, પણ તું તો તારામાં જ રહેવાનો, અને પરવસ્તુ પરવસ્તુમાં જ રહેવાની. પરમાંથી ક્યાંયથી તારું સુખ નથી આવવાનું. સ્વર્ગમાં જઈશ તો ત્યાંથી પણ તને સુખ નથી મળવાનું. સુખ તો તને તારા સ્વરૂપમાંથી જ મળવાનું છે...માટે સ્વરૂપને જાણ. તારું સ્વરૂપ તારાથી કોઈ કાળે જુદું નથી, માત્ર તારા ભાનના અભાવે જ તું દુઃખી થઈ રહ્યો છે. તે દુઃખ દૂર કરવા માટે ત્રણે કાળના જ્ઞાનીઓ એક જ ઉપાય બતાવે છે કે “આત્માને ઓળખો.”

આ પ્રમાણે અંતર્‌વિચારણા દ્વારા મુમુક્ષુ જીવ પોતામાં સમ્યગ્દર્શનની લગની લગાડીને પોતાના આત્માને તેના ઉદ્યમમાં જોડે છે.

– 卐 –

# અજ્ઞાની જીવ અનુભવહીન હોવાથી મોક્ષમાર્ગને સાધી શકતો નથી

**“મિથ્યાદ્રષ્ટિ જીવ ન આગમી છે, ન અધ્યાત્મી છે. -કેમ? કારણ કે તે કથનમાત્ર તો ગ્રંથપાઠના બળવડે આગમ-અધ્યાત્મનું સ્વરૂપ ઉપદેશમાત્ર કહે, પરંતુ આગમ-ધ્યાત્મના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણે નહીં; તેથી મૂઢજીવ આગમી પણ નથી કે ધ્યાત્મી પણ નથી. યથા** निर्वेदकत्वात् **(એટલે તેને તે ભાવનું વેદન નથી.)”**

અનુભવ વગરનું જ્ઞાન–જાણપણું તેને ખરેખર જ્ઞાન કહેતા જ નથી. શાસ્ત્રનું જાણપણું ભલે કર્યું, વિકાર અને સ્વભાવ જુદા છે–એમ શાસ્ત્રથી ભલે જાણ્યું પરંતુ જ્યાં સુધી પોતે જાણે અંતર્અનુભવમાં તેવી ભિન્નતા ન અનુભવે ત્યાં સુધી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી, એટલે મિથ્યાદ્રષ્ટિને આગમપદ્ધતિ કે અધ્યાત્મપદ્ધતિ બેમાંથી એક્કેયનું જ્ઞાન નથી, તેથી તે નથી તો આગમી કે નથી અધ્યાત્મી.

અજ્ઞાની આગમ–અધ્યાત્મનો જાણનાર કેમ નથી? –તો કહ્યું કે તે નિર્વેદક છે માટે; એટલે કે શાસ્ત્રાદિથી જેવું જાણપણું છે તેવું વેદન તે કરતો નથી; ‘આત્માનો શુદ્ધ સ્વભાવ છે ને બંધભાવ તેનાથી ભિન્ન છે’ –એમ શાસ્ત્રથી જાણે છે પણ પોતે પોતાના જ્ઞાનમાં તેવા બંધરહિત શુદ્ધ સ્વભાવનું વેદન કરતો નથી તેથી તે નિર્વેદક છે. અનુભવ વગરનું જ્ઞાન સમ્યક્ નથી. એકલું જાણપણું અનુભવ વગર શું કામનું? –જો કે સૂક્ષ્મ દ્રષ્ટિએ તો તેનું જાણપણું પણ ભૂલવાળું છે. સ્વસંવેદનરૂપ ભેદજ્ઞાન વગર સાચું જ્ઞાન હોય નહિ. જ્ઞાનીને કદાચ ભાષા ન હોય–શાસ્ત્રપાઠ ન હોય તોપણ અંદર અનુભવમાં સાચા ભાવભાસનથી તેને સમ્યગ્જ્ઞાન પરિણમી રહ્યું છે, ને તે મોક્ષમાર્ગને સાધે છે. અજ્ઞાનીને શાસ્ત્રજ્ઞાન ભલે કદાચ હોય પણ અનુભવમાં જીવાદિ તત્ત્વોનું સાચુ

ભાવભાસન નથી તેથી તે મોક્ષમાર્ગને સાધવાનું જાણતો નથી; તે તો બંધપદ્ધતિને જ ભ્રમથી મોક્ષનું સાધન માનીને સાધે છે. આ રીતે અજ્ઞાની આગમી કે અધ્યાત્મી નથી.

**પ્રશ્નઃ-** અજ્ઞાનીને અધ્યાત્મપદ્ધતિ નથી એટલે તેને 'અધ્યાત્મી' ભલે ન કહો, પરંતુ આગમપદ્ધતિ એટલે કે વિકાર અને કર્મની પરંપરા તો તે અજ્ઞાનીને ઘણી છે, છતાં તેને 'આગમી' પણ કેમ ન કહ્યો ?

**ઉત્તરઃ-** મિથ્યાદ્રષ્ટિને વિકાર તો છે એટલે કે આગમપદ્ધત્તિ તો છે–એ ખરું પણ આગમપદ્ધત્તિનું જ્ઞાન તેને નથી; વિકારને વિકાર તરીકે તે જાણતો નથી માટે તેને 'આગમી' ન કહ્યો. અહીં 'આગમી' એટલે 'આગમપદ્ધત્તિવાળો' એવો અર્થ નથી, પણ આગમી એટલે 'આગમપદ્ધત્તિનો જ્ઞાતા' એવો અર્થ થાય છે. અજ્ઞાની આગમપદ્ધત્તિને પણ ઓળખતો નથી. વિકાર પોતે કરે છે, ને કર્મ તેમાં નિમિત્ત છે, તે કર્મ કાંઈ વિકાર કરાવતું નથી; છતાં અજ્ઞાની પોતાના દોષનું ઉત્પાદક પર દ્રવ્યને માને છે. પોતાના ગુણદોષનું ઉત્પાદક પર દ્રવ્યને માનવું તે તો મોટી અનીતિ છે. દરેક વસ્તુ અને તેનાં પરિણામ પરથી નિરપેક્ષ ને પોતાથી સાપેક્ષ છે– એવો અનેકાન્ત છે; આવું વસ્તુસ્વરૂપ સમજે તો પોતાના ગુણ–દોષ પરને લીધે ન માને એટલે એકતાબુદ્ધિથી પરમાં રાગદ્વેષ ન થાય. તે જીવ ભેદજ્ઞાન વડે પરથી પૃથક્ થઈ પરથી નિરપેક્ષ થઈ સ્વતરફ વળે ને સ્વાપેક્ષપણે એટલે કે સ્વાશ્રય વડે મોક્ષમાર્ગ પ્રગટ કરે. પુદ્ગલના પરિણામ પણ તેનાથી પોતાથી સાપેક્ષ છે ને બીજાથી નિરપેક્ષ છે. જગતના બધા પદાર્થોને અને તેની પર્યાયોને પરમાર્થે સ્વથી સાપેક્ષપણું છે, કેમકે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી; પર્યાય તે પણ વસ્તુની પોતાની તે પ્રકારની શક્તિ છે, તે પણ ખરેખર પરની અપેક્ષા રાખતી નથી. આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી; માટે તે આગમી પણ નથી ને અધ્યાત્મી પણ નથી; ને તે મોક્ષમાર્ગને સાધી શકતો નથી.

આ રીતે, ધર્મી–સમ્યગ્દ્રષ્ટિ જીવ આગમ–અધ્યાત્મના જ્ઞાતા છે ને તે મોક્ષમાર્ગને સાધે છે; ને અજ્ઞાની જીવ આગમઅધ્યાત્મના સ્વરૂપને જાણતો નથી તેથી તે મોક્ષમાર્ગને સાધતો નથી. જ્ઞાની અને અજ્ઞાનીની આ વિશેષતા છે.

પરમ શાંતિ દાતારી

# અ ધ્યા ત્મ ભા વ ના

( અંક ૨૭૯ થી ચાલુ ) ( લેખાંક ૪૬ )

**ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં ધ્યાત્મભાવના ભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

[ વીર સં. ૨૪૮૨ અષાડ વદ ૧૪ રવિવાર ]
( સમાધિશતક ગા. ૮૦ )

*

જેને શરીર અને આત્માનું ભેદવિજ્ઞાન થઈ ગયું છે એવા અંતરાત્માને શરૂઆતની અભ્યાસદશામાં આ જગત કેવું લાગે છે? અને પછી ચૈતન્યના અભ્યાસમાં એકાગ્ર થતાં આ જગત કેવું લાગે છે? તે બતાવે છે–

पूर्वं दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज्जगत्।
स्वभ्यस्तात्मधियः पश्चात् काष्ठपाषाणरूपवत्। ८०।

જેને પોતાના આત્માનું સમ્યગ્દર્શન થઈ ગયું છે એવા અંતરાત્માને પ્રાથમિકદશામાં તો આ જગત ઉન્મત્ત જેવું લાગે છે, કે 'અરેરે! આ જગત ચૈતન્યસ્વરૂપના ચિંતનથી ભ્રષ્ટ થઈને શુભ–અશુભ ચેષ્ટાઓમાં જ ઉન્મત્તની માફક પ્રવર્તી રહ્યું છે.' પણ પછી તે અંતરાત્મા–યોગીને પોતાના સ્વરૂપમાં સ્થિરતાનો અભ્યાસ કરતાં આ જગત કાષ્ઠ–પાષાણના રૂપ જેવું ચેષ્ટારહિત દેખાય છે. પોતાના સ્વરૂપમાં લીન થતાં જગત સંબંધી ચિંતા જ છૂટી જાય છે.– આ રીતે અંતરાત્માની બે ભૂમિકાઓ અહીં બતાવી છે.

આત્મસ્વરૂપનું સમ્યક્ભાન થયું હોવા છતાં ધર્મીને શરૂઆતમાં–રાગની ભૂમિકામાં એવો વિકલ્પ આવે છે કે અરે! આ જગતના જીવો આત્મસ્વરૂપને ભૂલીને સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે, તેઓ અજ્ઞાનથી ઉન્મત્ત જેવા થઈ ગયા છે કે પરદ્રવ્યને પોતાનું માની રહ્યા છે ને સ્વતત્ત્વને ભૂલી રહ્યા છે. –આ રીતે જ્ઞાનીને કરુણાબુદ્ધિથી જગત ગાંડા જેવું લાગે છે. અરે! આવા આત્મસ્વરૂપને ભૂલીને જગત ભ્રમણામાં પડ્યું છે! જગતથી જુદો –જગત ઉપર તરતો એવો જે પોતાનો ચૈતન્યસ્વભાવ તેનું ભાન પોતે તો કર્યું છે, તેને

બીજા જીવો દેહાદિની ક્રિયાને પોતાની માનીને વર્તતા દેખીને એમ લાગે છે કે અરે, આ જીવો મોહથી મૂર્છાઈ ગયેલા ગાંડા છે, મોહરૂપી ભૂત તેમને વળગ્યું છે.

વળી જ્ઞાનીને ભેદજ્ઞાનના અભ્યાસથી જ્યારે વિશેષ દ્રઢતા થાય છે ત્યારે તેને આ આખું જગત અચેત જેવું લાગે છે, એટલે પોતાના ચૈતન્યચિંતનની ઉગ્રતા થતાં જગત પ્રત્યે લક્ષ જતું નથી, સહજ ઉદાસીન પરિણતિ વર્તે છે. ચૈતન્યતત્ત્વથી બહાર બધું મારાથી ભિન્ન છે –એમ તો પહેલેથી જાણ્યું જ છે, ને પછી તેમાં સ્થિરતાનો અભ્યાસ કરતાં તેને જગત સંબંધી ચિંતા છૂટી જાય છે; સ્વરૂપમાં જોડાણ થયું છે ત્યાં જગત ચેષ્ટારહિત કાષ્ઠ–પાષાણ જેવું લાગે છે, એટલે કે પરસંબંધી ચિંતા તેને થતી નથી.

શરૂઆતમાં તો જ્ઞાનીને એમ થાય કે અરે! આ જીવો સ્વરૂપચિંતનમાં વિકલ વર્તે છે એટલે કે આત્માનું ચિંતન કરવામાં તેઓ પાંગળા થઈ ગયા છે ને મિથ્યા વિકલ્પોથી ઘેરાઈ ગયેલા છે, તેમની ચેષ્ટાઓ ઉન્મત્ત જેવી છે. જો કે જગત આખું જ્ઞેયપણે જ છે, તે કાંઈ મને રાગદ્વેષનું કારણ નથી એવું જ્ઞાનીને ભાન હોવા છતાં રાગની ભૂમિકામાં એવો વિકલ્પ આવી જાય છે કે અરેરે! ચૈતન્યનિધાનને ભૂલીને આ જગત બહાવરાની જેમ બહારમાં ફાંફાં મારી રહ્યું છે, તેમની ચેષ્ટાઓ ઉન્મત્ત જેવી છે. –પણ પછી જ્ઞાનીને જ્યાં વિશેષ લીનતા થાય છે ત્યાં પરના અવલંબન વગર સહેજે ઉદાસીનતા વર્તે છે; ત્યાં પર સંબંધી ચિંતા જ જાગતી નથી. પોતે અંતરમાં સ્થિર થઈને ચૈતન્યપ્રતિમા થઈ ગયો છે ત્યાં જગત નિઃચેષ્ટ ભાસે છે, આખું જગત જ્ઞેયપણે જ ભાસે છે. 'પરજીવો અજ્ઞાનથી ઉન્મત્ત વર્તે છે–તેમાં મારે શું?'– એવો ઉદાસીનતાનો વિકલ્પ પણ ત્યાં નથી રહેતો, ત્યાં તો સ્વરૂપમાં જોડાણ વર્તે છે તેથી પરપ્રત્યે પરમ ઉદાસીનતા સહેજે વર્તે છે.

જુઓ, આ જ્ઞાનીની દશા! વિકલ્પ આવે છતાં જ્ઞાની તેનાથી ઉદાસીન છે, છતાં વિકલ્પ છે તેટલી તો અસમાધિ છે. પછી તે વિકલ્પ પણ છૂટીને સ્વરૂપમાં લીન થતાં એવી સમાધિ જામે છે કે જગત સંબંધી ચિંતા થતી નથી, 'અરેરે! આવું પરમ ચૈતન્યસ્વરૂપ, તેને જગત કેમ નથી સમજતું' એવો ખેદભાવ પણ ત્યાં થતો નથી. આ રીતે અંતરાત્માની બે ભૂમિકા સિદ્ધ કરી છે–એક તો વિકલ્પભૂમિકા, અને બીજી સ્વરૂપમાં સ્થિરતારૂપ ભૂમિકા; વિકલ્પભૂમિકામાં જગત પ્રત્યે કરુણા અને ખેદ આવી જાય છે કે અરે! આ જગતના પ્રાણીઓ બિચારા આત્મસ્વરૂપને ભૂલીને ઉન્મત્તની જેમ ભવભ્રમણ કરી રહ્યા છે...જડની ક્રિયામાં ને રાગમાં ધર્મ માનીને તેઓ મોહથી ગાંડા થઈ ગયા છે...ચૈતન્યસ્વભાવનો વિવેક તેઓ ચૂકી ગયા છે. પ્રથમદશામાં અંતરાત્માને આવો વિકલ્પ આવે તેથી કાંઈ તે અજ્ઞાની નથી,

તેમજ વિકલ્પ આવ્યો તે કરવા જેવો છે–એમ પણ નથી, પણ પોતાની એવી ભૂમિકા હોવાથી જ્ઞાનીને એવો વિકલ્પ આવી જાય છે. પછી ચૈતન્યમાં સ્થિરતાનો વિશેષ અભ્યાસ કરીને જ્યાં એકાગ્રતા થઈ ત્યાં એવો વિકલ્પ પણ રહેતો નથી, ત્યાં જગત સંબંધી ચિંતા જ નથી તેથી જગત અચેત જેવું ભાસે છે એમ કહ્યું છે. જગતના બાહ્ય પદાર્થોમાં મારા ચેતનનો અભાવ છે, એમ જાણીને અંતરમાં એકાગ્ર થતાં જ્ઞાની પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને જ દેખે છે, તેથી જગતને તે અચેતન જેવું દેખે છે–એમ કહ્યું છે.

જાુઓ, કૈલાસપર્વત ઉપર ભરતચક્રવર્તીએ ત્રણ ચોવીસીના રત્નમય જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી છે. તે કૈલાસપર્વત ઉપર વાલીમુનિ એકવાર ધ્યાનમાં બેઠા હતા; ત્યાં રાવણરાજા ત્યાંથી નીકળ્યો...જ્યાં વાલીમુનિ ઉપર વિમાન આવ્યું ત્યાં વિમાન થંભી ગયું. રાવણે નીચે ઊતરીને જોયું ત્યાં વાલીમુનિને દીઠા, તેમને જોતાં જ રાવણને પૂર્વનું વેર જાગૃત થયું ને ક્રોધ આવ્યો; તેથી વાલીમુનિનો નાશ કરવા માટે વિદ્યાના બળે કૈલાસ નીચે જઈને આખો કૈલાસપર્વત ડગાવવા માંડયો. તે વખતે ધ્યાનમાંથી ખસીને મુનિને એવી વૃત્તિ ઊઠી કે અરે! ક્રોધનો માર્યો આ રાવણ આખા પર્વતને હલાવે છે ને અહીંના રત્નમય જિનબિંબોની અસાતના કરે છે! –માટે જિનબિંબોની રક્ષા કરું! એવી વૃત્તિ થતી તે મહાઋદ્ધિધારક મુનિએ પગનો અંગુઠો જરાક પર્વત ઉપર દબાવ્યો...ત્યાં તો ત્રણખંડનો રાજા રાવણ પર્વત નીચે ભીંસાણો ને રૂદન કરવા લાગ્યો.....પછી તો રાવણ રાજાએ પણ માફી માગી, અને જિનબિંબની વિરાધના થઈ તેથી ઘણો પશ્ચાત્તાપ કરીને તે જિનબિંબ પાસે એક મહિના સુધી એવી તો અદ્‌ભુત ભક્તિ કરી કે ધરણેન્દ્રનું આસન ચલાયમાન થઈ ગયું. આ બાજુ વાલી મુનિરાજે પણ પ્રાયશ્ચિત લીધું છે. જાુઓ, મુનિદશામાં આવો વિકલ્પ આવ્યો માટે તે કરવા જેવો છે–એમ નથી. જો વિકલ્પને કરવા જેવો માને તો તો તે મિથ્યાદ્રષ્ટિ છે. જ્ઞાનીને પોતાની અસ્થિર ભૂમિકામાં વિકલ્પ આવી જાય છે પણ તે વિકલ્પનેય ચૈતન્યથી ભિન્ન જાણીને, આત્મામાં સ્થિર થવા માંગે છે. દ્રઢ અભ્યાસ વડે જ્યાં આત્મામાં સ્થિરતા થાય ત્યાં વિકલ્પ ઊઠતો નથી, કોઈ નિંદા કરે ત્યાં ‘અરે, આ જૈનશાસનની વિરાધના કરે છે’ એવો ખેદનો વિકલ્પ થતો નથી.–આવી વીતરાગદશા ભેદજ્ઞાનના દ્રઢ અભ્યાસથી થાય છે. વિકલ્પની ભૂમિકામાં હોવા છતાં જો વિવેક ન કરે તો તે તો મૂઢ છે. પોતે વિકલ્પભૂમિકામાં હોય અને દેવ–ગુરુ–ધર્મ ઉપર કાંઈ ઉપસર્ગ આવે તો ત્યાં ધર્મીને તે ઉપસર્ગ દૂર કરવાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. પોતાને રાગ થતો હોવા છતાં જે વિવેક નથી કરતો તે તો મૂઢ છે. અહીં તો સ્વરૂપના અનુભવમાં એવી

એકાગ્રતા થઈ છે કે પર તરફનો વિકલ્પ ઊઠતો જ નથી–એવી દશાની આ વાત છે. ધર્મીને વિકલ્પ ઊઠે પણ તે તેને છોડીને સ્વરૂપમાં ઠરવા માંગે છે. અને જ્યાં સ્વરૂપમાં ઠર્યો ત્યાં જગત વિષેની ચિંતાનો અભાવ થવાની પરમ ઉદાસીનતા સહેજે વર્તે છે. તેને જગતસંબંધી રાગ–દ્વેષ નથી તેથી, જગત કાષ્ઠપાષાણવત્ ભાસે છે એમ કહ્યું છે. પહેલાં દેહાદિથી ભિન્ન આત્માને જાણીને ભેદજ્ઞાનના અભ્યાસ વડે સ્વરૂપમાં ઠરતાં સમસ્ત વિકલ્પો છૂટીને જીવ મુક્તિ પામે છે.–આવો આત્માના ભેદજ્ઞાનના અભ્યાસનો મહિમા છે. ।। ૮૦।।

## આત્માને કેમ જાણવો ?

**પ્રશ્ન** :– આત્માને સ્વજ્ઞેય કરવા શું કરવું ?

**ઉત્તર** :– આત્મસ્વભાવનો મહિમા વધારવો, ને રાગાદિ વિભાવનો મહિમા છોડવો–તે જ આત્માને સ્વજ્ઞેય કરવાનો ઉપાય છે. સ્વભાવ અને વિભાવની મર્યાદાને વારંવાર વિચારવી; તેની ભિન્નતા જાણીને સ્વભાવમાં એકતાનો ને વિભાવથી ભિન્નતાનો પ્રયત્ન કરવો. ચૈતન્યની મહત્તા ને વિભાવની તૂચ્છતા સમજવી. જેની મહત્તા સમજે તેમાં એકાગ્રતા થયા વિના રહે નહિ, ને જેને તૂચ્છ સમજે તેનાથી ભિન્નતા કર્યા વિના રહે નહિ. પહેલાં આ વાત લક્ષમાં લઈને તેનો વિશેષ–વિશેષ પ્રયત્ન કરવો જોઈએ.

# આત્મધર્મની “આજીવન સભ્ય” યોજના

આપણું આત્મધર્મ–માસિક હજારો જિજ્ઞાસુ ગ્રાહકો કાયમ મંગાવે છે. આત્મધર્મ વધુ વિકસિત બને અને તેના કાયમી ગ્રાહકોને દરવર્ષે લવાજમ મોકલવાનું ન રહે તથા સંસ્થાને પણ વ્યવસ્થામાં રાહત રહે તે માટે એમ નક્કી કરવામાં આવ્યું છે કે જેઓ એકસો એક રૂપિયા આપીને ‘આજીવન સભ્ય’ થાય તેમને ‘આત્મધર્મ’ કાયમ મોકલવું. આપ નીચેના સરનામે રૂા. ૧૦૧–૦૦ મોકલી આજીવન સભ્ય બની સંસ્થાને સહકાર આપવા વિનંતિ છે. હિંદી તથા ગુજરાતી બંને આત્મધર્મ માટે આ યોજના છે.

મેનેજર
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## રૂા. ૧૦૧ ) આપી આજીવન સભ્ય બનનારના નામોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી નગીનદાસ હરીલાલ ભાયાણી | ભાવનગર | ૧૩ | શ્રી ખીમચંદભાઈ પ્રાગજીભાઈ ઉમરાળાવાલા હાલ | મુંબઈ |
| ૨ | શ્રી કે. જે. શેઠ | મુંબઈ | ૧૪ | શ્રી એમ. સી. તુરખીયા | એડન |
| ૩ | શ્રી નવલચંદ જે. શાહ | સોનગઢ | ૧૫ | શ્રી બંસીલાલજી ઝાંઝરી | કલકત્તા |
| ૪ | શ્રી ઘાસીલાલજી બંસીધરજી સરાવગી | રામગઢ | ૧૬ | શ્રી શાન્તાબેન બાલચંદ | સુરેન્દ્રનગર |
| ૫ | શ્રી વાડીલાલ કાનજી | કલકત્તા | ૧૭ | શ્રી પાનાચંદ ડુંગરસી તુરખીયા | માટુંગા |
| ૬ | શ્રી માણેકબાઈ | ઉજ્જૈન | ૧૮ | શ્રી ઠાકોરદાસ પ્રભુદાસ પારેખ | રાજકોટ |
| ૭ | શ્રી કનકરાય મણીલાલ પુનાતર | જામનગર | ૧૯ | શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી | ઘાટકોપર |
| ૮ | શ્રી ગીરધરલાલ નાગરદાસ | વઢવાણ શહેર | ૨૦ | શ્રી પુષ્પાબેન મનહરલાલ | દાહર |
| ૯ | શ્રી વિજયકુમાર કાન્તીલાલ શેઠ | મુંબઈ | ૨૧ | શ્રી કંચનબેન હીરાલાલ | સોનગઢ |
| ૧૦ | શ્રી ચંપાબેન લીલાધર | મુંબઈ | ૨૨ | શ્રી દોલતરાય માણેકચંદ દોશી | જામનગર |
| ૧૧ | શ્રી રવીચંદ વિક્રમચંદ | મદ્રાસ | ૨૩ | શ્રી મોહનલાલ હરખચંદ | ધ્રાફા |
| ૧૨ | શ્રી જયન્તિલાલ બેચરદાસ | સાવર–કુંડલા | | | |

– * –

# ભગવાન ઋષભદેવ

## તેમના પવિત્ર જીવનની આનંદકારી કથા

ભગવત્ જિનસેનસ્વામી રચિત મહાપુરાણના આધારેઃ લે. બ્ર. હરિલાલ જૈન

[ લેખાંક દસમો ]

દશ ભવથી ચૈતન્યની આરાધના કરતાં કરતાં આપણા ચરિત્રનાયક અંતિમ અવતારરૂપે યોધ્યાનગરીમાં અવતરી ચુકયા છે ને ઇન્દ્રોએ મેરૂપર્વત ઉપર તેમનો જન્માભિષેક કરી લીધો છે. ત્યારબાદ એ જન્મોત્સવમાં શું-શું બન્યું-તે અહીં વાંચો.

અભિષેક પછી ઇન્દ્રાણીએ ભગવાનના શરીરને ઉત્તમ વસ્ત્રદ્વારા લૂછયું ને અત્યંત હર્ષપૂર્વક સ્વર્ગમાંથી લાવેલા વસ્ત્રાભૂષણો જગત્ગુરુ ભગવાન ઋષભકુમારને પહેરાવ્યા, અને ઘણા આદરપૂર્વક ભગવાનના લલાટ પર તિલક કર્યું. પરંતુ જગતના તિલકસ્વરૂપ એવા ભગવાનની શોભા શું તે તિલક વડે હતી? નહીં! ઊલ્ટું તે તિલક ભગવાનને લીધે શોભતું હતું. જગતના મુગટસ્વરૂપ એવા ભગવાનને મુગટ વગેરે અનેક દૈવી આભૂષણો ઇન્દ્રાણીએ પહેરાવ્યાં. ભગવાનના કાન વગર વિંધ્યે જ છિદ્રવાળાં હતા, તેમાં ઇન્દ્રાણીએ ઉત્તમ મણિમય કુંડલ પહેરાવ્યાં.

એ પ્રમાણે વસ્ત્રાલંકારથી શોભિત ભગવાનના અદ્ભુત રૂપને દેખીને સ્વયં ઇન્દ્રાણીને પણ મહાન આશ્ચર્ય થયું. ઇન્દ્ર પણ આશ્ચર્યથી ભગવાનનું રૂપ જોવા લાગ્યો, પરંતુ બે આંખોવડે તેને સન્તોષ ન થયો તેથી એક હજાર આંખો બનાવીને તે ભગવાનનું રૂપ જોવા લાગ્યો. અને પછી તે ઇન્દ્રાદિ દેવો તીર્થંકર ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાઃ હે દેવ! અમને પરમ આનંદ દેવા માટે આપનો અવતાર છે. આપનાં વચનકિરણોવડે અમારા અંતરનો અજ્ઞાનઅંધકાર નષ્ટ થાય છે. પ્રભો! આપ દેવોમાં આદિ દેવ છો, આપ ત્રણ જગતના આદિ ગુરુ છો, આપ આદિ વિધાતા (વિધિના સમજાવનાર) છો, અને આપ ધર્મના આદિ નાયક છો. આપ જ જગતના પિતા છો. પ્રભો, આપ તો પવિત્ર જ છો, પરંતુ પાપથી મલિન એવું આ જગત આપના જન્માભિષેક

વડે પવિત્ર થયું છે, તેમ જ આ મેરૂપર્વત ને ક્ષીરસમુદ્ર પણ પાવન થયા છે. હે નાથ! પરબ્રહ્મ–પરમાત્મા નજરે ન દેખાય એમ કોઈ કહે છે તે જૂઠ છે કેમ કે પરમ જ્યોતિ સ્વરૂપ પરમાત્મા એવા આપ આજ અમને પ્રત્યક્ષ દ્રષ્ટિગોચર થઈ રહ્યા છો.

**હે ભગવાન! આપનો આત્મા પવિત્ર છે તેથી આપને નમસ્કાર હો.**
**આપના ગુણો સર્વત્ર પ્રસિદ્ધ છે તેથી આપને નમસ્કાર હો.**
**આપ જન્મ-મરણનો નાશ કરનારા છો તેથી આપને નમસ્કાર હો.**
**આપ ત્રણ જગતના પરમેશ્વર છો તેથી આપને નમસ્કાર હો.**

પ્રભો આપ પૃથ્વી જેવા ક્ષમાવંત છો; જલસમાન સૌને આહ્લાદિત કરનારા છો; વાયુ જેવા નિષ્પરિગ્રહી છો; અગ્નિની જેમ આપનું ધ્યાન–તેજ સદા પ્રદીપ્ત છે, તથા આકાશની જેમ આપ સદા નિર્વિકારી છો.

મેરુ ઉપર ઇન્દ્ર ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરી રહ્યો છે–

૧. હે પ્રભો! મહાન બળના ધારક આપ ‘महाबल’ છો.
૨. લલિત–અંગના ધારક એવા આપ ‘ललितांग’ છો.
૩. ધર્મતીર્થ પ્રવર્તાવવામાં આપ મજબૂત ‘वज्रजंघ’ છો.
૪. હે જિન! આપ સુવિશુદ્ધ–પૂજ્ય હોવાથી ‘आर्य’ છો.
૫. દિવ્ય શ્રી અર્થાત્ શોભાના ધારક આપ ‘श्रीधर’ છો.
૬. ઉત્તમ ભાગ્યવાળા હોવાથી આપ ‘सुविधि’ છો.
૭. અવિનાશી પદના સ્વામી હોવાથી આપ ‘अच्युतेन्द्र’ છો.
૮. વજ્ર જેવી નાભિના ધારક આપ ‘वज्रनाभि’ છો.
૯. સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી આપ ‘सर्वार्थसिद्ध’ છો.
૧૦. દશ અવતારમાં અંતિમ અવતારપ્રાપ્ત આપ ‘ऋषभदेव’ છો.

આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરતાં કરતાં તેમના દશ અવતાર પણ બતાવી દીધા. સ્તુતિ કરીને પછી ભગવાનને ઐરાવત હાથી પર બિરાજમાન કરીને ઇન્દ્રો આનંદપૂર્વક અયોધ્યા આવ્યા.

## અયોધ્યામેં ઉત્સવ કિનો........

અયોધ્યા નગરીની શોભા અદ્‌ભુત હતી. તેની ભૂમિ અને મહેલો મણિમય હતા; તેનો સોનાનો ગઢ રત્નોથી જડેલો હતો. ભગવાન ઋષભદેવની જન્મભૂમિ હોવાથી

તે શુદ્ધ રત્નની ખાણ હતી ને કરોડો મહાપુરુષરૂપી અમૂલ્ય રત્નો તેણે ઉત્પન્ન કર્યા હતા. તેની બાજુના પ્રદેશમાં સરયૂ નદી વહેતી હતી.

ભગવાનને લઈને ઇન્દ્ર અયોધ્યા આવ્યા અને નાભિરાજાના મહેલમાં સિંહાસન પર બિરાજમાન કર્યા. તે પ્રિયદર્શન ભગવાનને દેખીને નાભિરાજાનું શરીર હર્ષથી રોમાંચિત થયું; ને માયામયી નિદ્રા દૂર થતાં માતા મરુદેવી પણ હર્ષપૂર્વક ભગવાનને દેખવા લાગ્યા. ત્યારબાદ માતાપિતાએ પ્રસન્નચિત્તથી ઇન્દ્ર–ઇન્દ્રાણી સામે જોયું; ને ઇન્દ્ર–ઇન્દ્રાણીએ મહામૂલ્ય આભૂષણો અર્પણ કરીને માતાપિતાનું સન્માન કર્યું. તથા સ્તુતિ કરી કે આપ મહાન ધન્ય છો, લોકમાં સૌથી શ્રેષ્ઠ પુત્ર આપને ત્યાં અવતર્યો છે. આપ જગતના ગુરુના પણ ગુરુ ( માતા–પિતા ) છો, આપ અનેક કલ્યાણને પ્રાપ્ત કરનારા છો. આપનો મહેલ આજે જિનાલય સમાન પૂજ્ય છે, ને આપ પણ પૂજ્ય છો.

સ્તુતિ કર્યા બાદ ઇન્દ્રે ભગવાનના જન્માભિષેક ઉત્સવની ઉત્તમ કથા કરી, તે સાંભળીને માતા–પિતાને પરમ હર્ષને આશ્ચર્ય થયું. તેમણે નગરજનોની સાથે મહાન વિભૂતિ સહિત અયોધ્યાપુરીમાં ફરીને ભગવાનનો જન્મોત્સવ કર્યો. તે વખતે અયોધ્યાનગરી સ્વર્ગપુરી સમાન શોભતી હતી, આખા જગતને આનંદિત કરનારો ઉત્સવ અયોધ્યાપુરીમાં થયો. નગરજનોનો આનંદ દેખીને ઇન્દ્રે પણ આનંદ નામના નાટકવડે પોતાનો આનંદ પ્રગટ કર્યો, ને અદ્‌ભુત તાંડવનૃત્ય કર્યું. નાટકદ્વારા ભગવાનના મહાબલ વગેરે દશ ભવ તથા ગર્ભકલ્યાણક અને જન્મકલ્યાણકનાં દ્રશ્યો દેખાડયાં; એ વખતે ગંભીર શબ્દોથી એક સાથે કરોડો વાજાં વાગતાં હતા...ને ઇન્દ્ર હજાર હાથ તથા હજાર નેત્ર બનાવીને આનંદનૃત્ય કરતો હતો, તેની આંગળી ઉપર દેવીઓ નાચતી હતી. ઇન્દ્રનું આશ્ચર્યકારી નૃત્ય જોઈને મહારાજા અને મહાદેવી ચકિત થયા. ઇન્દ્રોએ જગતમાં શ્રેષ્ઠ એવા ભગવાનનું **'વૃષભદેવ'** નામ રાખ્યું. वृष એટલે ઉત્તમધર્મ તેના વડે ( भाति ) શોભાયમાન હોવાથી તીર્થંકર ભગવાનને ઇન્દ્રે 'વૃષભસ્વામી' કહ્યા અથવા ભગવાનને 'પુરુદેવ' નામથી પણ સંબોધ્યા. અને ભગવાન જેવડા જ રૂપવાળા દેવકુમારોને તથા દેવીઓને ભગવાનની સેવામાં રાખીને ઇન્દ્રો પોતપોતાના સ્વર્ગમાં ગયા. તે દેવીઓ ભગવાનને નવડાવવા, ખવરાવવા, વસ્ત્રાભૂષણ પહેરાવવા–વગેરે કાર્યોવડે એ બાલતીર્થંકરની સેવા કરતી હતી.

## ભગવાનની બાલચેષ્ટા

ભગવાન ઋષભદેવની બાલચેષ્ટાઓ આશ્ચર્યકારી હતી; ક્યારેક તેઓ મંદ મંદ

હાસ્યવડે માતાપિતાના હર્ષને વધારતા હતા. ચન્દ્રમા સમાન ભગવાનની ઉજ્જવલ બાલ્યાવસ્થા જગતને આનંદ દેનારી હતી. ક્રમે ક્રમે ભગવાનને વાણી પ્રગટી, ને ધીમે ધીમે પા–પા પગલી ભરવા લાગ્યા...ને સૌનો આનંદ વધારવા લાગ્યા. નાનકડા ભગવાન દેવબાલકોની સાથે રત્નોની ધૂળમાં રમતા હતા, ને માતા–પિતાને તથા પ્રજાજનોને આહ્લાદ પમાડતા હતા.

ધીમે ધીમે બાલ્યાવસ્થા વીતી ને ભગવાન કુમાર થયા. મહાપ્રતાપી ભગવાનનું શરીર કુમારઅવસ્થામાં ઘણી જ શોભાથી ખીલી ઊઠયું, ને ગુણોમાં પણ વૃદ્ધિ થવા લાગી. તે વખતે તેમનું મનોહર શરીર, મધુરી બોલી, મીઠી નજર અને મલકતા મુખની વાતચીત–એ બધું ય સંસારની પ્રીતિને ભૂલાવી દેતું હતું ને ભગવાન પ્રત્યે પરમ પ્રીતિ ઉપજાવતું હતું.

મતિ–શ્રુત ને અવધિ એ ત્રણ જ્ઞાન સહિત જ ભગવાન અવતર્યા હતા તેથી સમસ્ત વિદ્યા અને લોકસ્થિતિને તેઓ સ્વયં જાણતા હતા. તેઓ સમસ્ત વિદ્યાના ઈશ્વર હતા તેથી તેમને સર્વે વિદ્યાઓ સ્વયમેવ પ્રાપ્ત થઈ હતી. એ યોગ્ય જ છે કેમકે પૂર્વજન્મનો અભ્યાસ સ્મરણશક્તિને અત્યંત પુષ્ટ રાખે છે. કોઈના શીખવ્યા વગર જ તેઓ બધી વિદ્યા જાણતા હતા.

ક્ષાયિક સમ્યગ્દર્શન વડે ભગવાનનું ચિત્ત નિર્મલ હતું, ને સ્વાભાવિક સરસ્વતી વડે તેમના વચન પણ નિર્દોષ હતા. તેમને સ્વભાવથી જ શાસ્ત્રજ્ઞાન હતું ને તે શાસ્ત્રજ્ઞાનને લીધે તેમના પરિણામ બહુ જ શાન્ત રહેતા હતા, ને તેમની ચેષ્ટાઓ જગતનું હિત કરનારી હતી. જેમ જેમ તેમનું શરીર અને ગુણો વધતા જતા હતા તેમ તેમ લોકોનો હર્ષ પણ વધતો જતો હતો. એ રીતે જગતના આનંદને વધારતા વધારતા તે ભગવાન વૃદ્ધિને પામતા હતા. પૂર્વસંસ્કારથી પ્રાપ્ત અનેક પ્રકારની વિદ્યાઓ (લિપિવિદ્યા, ગણિતવિદ્યા વગેરે) તથા કળાઓ (સંગીત–ચિત્રકળા વગેરે) તેઓ બીજાને શીખવતા હતા. ક્યારેક મોર, પોપટ, હંસ, કુકડો, કે હાથીના બચ્ચાનું રૂપ ધારણ કરનારા દેવકુમારોની સાથે આનંદથી ક્રીડા કરતા હતા; ક્યારેક દેવીઓએ પૂરેલી રત્નોની રંગોળીને આનંદથી દેખતા હતા; ક્યારેક પોતાના દર્શન માટે આવેલા પ્રજાજનો સાથે મધુર હાસ્ય સહિત સંભાષણ કરીને તેમને આનંદિત કરતા હતા; કયારેક દેવકુમારો સાથે નંદનવનમાં ક્રીડા કરતા હતા. એ પ્રમાણે ભગવાન સુખપૂર્વક રહેતા હતા, ને દરરોજ ઇન્દ્રદ્વારા મોકલેલા શ્રેષ્ઠ વસ્ત્રાભૂષણ વગેરે ભોગોનો ઉપભોગ કરતા થકા વૃદ્ધિને પામતા હતા.

## વિવાહ અને ભરત વગેરે ૧૦૧ પુત્રો

ભગવાન ઋષભદેવ યુવાન થયા, તેમનું રૂપ અતિશય શોભી ઊઠયું; તેમનું લોહી દૂધ જેવું સફેદ હતું; તેમના શરીરમાં મેલ કે પરસેવો ન હતો; વિષ કે શસ્ત્રથી તે અભેદ્ય હતું. પરમઔદારિક હતું ને મોક્ષનું કારણ હતું. ભગવાનના શરીર પર સ્વસ્તિક, કમળ, સમુદ્ર, હાથી, સિંહ, સૂર્ય, ચંદ્ર, રત્નદીપ, વૃષભ, જંબુદ્વીપ, આઠ પ્રતિહાર્ય, આઠ મંગલદ્રવ્ય વગેરે ૧૦૦૮ સુલક્ષણો શોભતા હતા. રાગ–દ્વેષરહિત ભગવાનના ચિત્તમાં અચળ લક્ષ્મી પ્રત્યે બહુ થોડો જ પ્રેમ હતો.

ભગવાનની યુવાવસ્થા દેખીને નાભિરાજા એક દિવસ વિચારવા લાગ્યા કે–આ ઋષભદેવના ચિત્તને હરણ કરે એવી સુંદર સ્ત્રી ક્યાંથી હોય? અને કદાચિત એવી સુંદર સ્ત્રી મળે તોપણ તેમને વિષયરાગ અત્યન્ત મંદ હોવાથી તેમના વિવાહ કરવાનું ઘણું મુશ્કેલ છે. વળી બીજી વાત એ છે કે, ધર્મ–તીર્થની પ્રવૃત્તિ કરવા માટે તેમનો મહાન ઉદ્યમ છે એટલે તેઓ જરૂર સંસારબંધન તોડીને મસ્ત હાથીની જેમ વનમાં જશે ને દીક્ષા ધારણ કરશે. તોપણ, તેમનો દીક્ષાકાળ આવ્યા પહેલાં તેમને માટે યોગ્ય સ્ત્રીનો વિચાર કરવો જોઈએ.

આમ વિચારી, ભગવાન પાસે જઈને નાભિરાજા કહેવા લાગ્યા–હે દેવ! આપ તો જગતના અધિપતિ અને સ્વયંભૂ છો; આપની ઉત્પત્તિમાં અમે માતા–પિતા છીએ એ તો કેવળ લોકવ્યવહાર છે. મારી અભ્યર્થના છે કે આપ સંસારસૃષ્ટિમાં પણ આપનું ચિત્ત લગાવો, ને કોઈ શ્રેષ્ઠ કન્યા સાથે વિવાહ માટે સંમતિ આપો. જો આપ મને કોઈ પણ પ્રકારે ગુરુ (મોટા) માનતા હો તો મારા આ વચનનું ઉલ્લંઘન કરવું ન જોઈએ.

–આમ કહીને નાભિરાજા ચૂપ રહ્યા, ત્યારે ભગવાને સહેજ હસતાં હસતાં 'ओम' કહીને તે વાતનો સ્વીકાર કર્યો. નાભિરાજાએ અત્યંત હર્ષપૂર્વક, ઇન્દ્રની સલાહ લઈને, કચ્છ અને મહાકચ્છ રાજાની બે બહેનો યશસ્વતી અને સુનન્દા સાથે ઋષભકુમારના વિવાહનો ઉત્સવ કર્યો. દેવોએ પણ પ્રસન્નતાથી તે ઉત્સવમાં ભાગ લીધો. પુત્રવધુઓને દેખીને નાભિરાજા અને મરુદેવી એકદમ પ્રસન્ન થયા. ભગવાન ઋષભકુમારમાં કામદેવ જો કે અતિશય ભગ્ન થઈ ગયો હતો છતાં ગુપ્તરૂપે તે પોતાનો સંચાર કરતો હતો. બંને રાણીઓ સાથે ભોગોપભોગમાં ઘણો કાળ વીત્યો.

એક રાત્રે યશસ્વતી મહાદેવીએ સ્વપ્નમાં કોળિયો થઈ ગયેલી પૃથ્વી, મેરૂપર્વત,

સૂર્ય, ચંદ્ર, હંસયુક્ત સરોવર તથા તરંગવાળો સમુદ્ર દેખ્યો. ભગવાને અવધિજ્ઞાનરૂપી દિવ્યચક્ષુવડે તે ઉત્તમ સ્વપ્નોનું ફળ જાણીને કહ્યું–હે દેવી! તને મહા પ્રતાપી ચક્રવર્તી પુત્ર થશે; અને તરંગવાળો સમુદ્ર એમ સૂચવે છે કે તે પુત્ર ચરમશરીરી થઈને સંસાર સમુદ્રને પાર કરશે. તથા ઇક્ષ્વાકુવંશને આનંદ દેનારા તારા એકસો પુત્રોમાં તે સૌથી જયેષ્ટ હશે. પતિના મુખથી સ્વપ્નનું ઉત્તમ ફળ જાણીને દેવીને ઘણો હર્ષ થયો.

પૂર્વે જે અતિગૃદ્ધ–રાજા હતો, પછી સિંહ થઈને સંથારો કરી સ્વર્ગે ગયો, પછી ઋષભદેવની વજ્રજંઘ–પર્યાય વખતે તેમનો મતિવર નામનો મંત્રી થયો–જે આહારદાન વખતે સાથે હતો, પછી દેવ થયો, પછી સુબાહુ ગયો, પછી સર્વાર્થસિદ્ધિમાં ગયો, તે જીવ ત્યાંથી ચ્યુત થઈને યશસ્વતીદેવીની કુંખે ઋષભદેવના પુત્ર તરીકે અવતર્યો; ભરતચક્રવર્તી જેવા તે વીરપુત્રને ધારણ કરનારી માતા ચકચકતી તલવારરૂપી દર્પણમાં પોતાના મુખની કાન્તિ જોતી હતી, રત્નોથી ભરેલી ભૂમિસમાન શોભતી હતી. જે સમયે ભગવાન ઋષભદેવ જન્મ્યા હતા, બરાબર તે જ સમયે (ફાગણ વદ નોમના ઉત્તમ દિવસે) યશસ્વતીદેવીએ ભરત ચક્રવર્તીને જન્મ આપ્યો. જન્મતાંવેંત તેણે બે હાથવડે પૃથ્વીને આલિંગન કર્યું હતું તેથી નિમિત્તજ્ઞાનીઓએ કહ્યું કે તે સમસ્ત પૃથ્વીનો અધિપતિ ચક્રવર્તી થશે. આવા પુત્રજન્મથી તેના દાદા તથા દાદીમા પરમ હર્ષ પામ્યા; પતિપુત્રવતી સ્ત્રીઓ શુભઆશીષ દેવા લાગી કે 'તું આવા સેંકડો પુત્રની માતા હો.' એ વખતે કરોડો દાંડીવડે આનંદના મોટામોટા નગારા મેઘની જેમ ગાજતા હતા, ને અનેક વાજાં વાગતા હતા. આકાશમાં દેવ–દેવીઓનાં 'જય હો... જય હો, ચિરંજીવ રહો, એવા શબ્દો ગૂંજતા હતા. રાજમહેલમાં રત્નની રંગાવલી અને સુવર્ણનાં કળશ શોભતા હતા. આખી અયોધ્યાનગરીમાં ઉત્સવ થતો હતો. ઋષભદેવે ઘણું દાન લીધું હતું; ને ભરતક્ષેત્રના અધિપતિ થનાર તે પુત્રને 'ભરત' એવા નામથી બોલાવ્યો હતો. ઇતિહાસકારો કહે છે કે હિમવન્ પર્વતથી માંડીને સમુદ્ર સુધીનું ચક્રવર્તીનું ક્ષેત્ર ને 'ભરત' ના નામ ઉપરથી 'ભારતવર્ષ' કહેવાયું. વિધિના જાણનાર ભગવાન ઋષભદેવે પોતે તે પુત્રને આબોટીયું (અર્થાત્ પહેલીવાર અનાજ ખવડાવવું) તથા મુંડન કરવું વગેરે સંસ્કારો કર્યા હતા. તે ભરતની ચેષ્ટાઓ તેના પિતા ઋષભદેવ જેવી જ હતી. તેની હથેળી ચક્ર વગેરે શુભ ચિહ્નોથી શોભતી હતી. તેના પગમાં પણ ચક્ર, છત્ર, તલવાર વગેરે ૧૪ રત્નોનાં ચિહ્ન હતાં, જાણે કે અત્યારથી એ ૧૪ રત્નો તેની સેવા કરતાં હોય! તે ચરમશરીરી હતો. ચક્રવર્તીના ક્ષેત્રમાં (છ ખંડમાં) રહેનારા

બધા મનુષ્યો અને દેવોનું જેટલું બળ થાય તેના કરતાં અનેકગણું વધારે બળ તે ચક્રવર્તીની ભૂજાઓમાં હતું. તેનો આકાર અને સ્વભાવ બંને સુંદર હતા. તે એક દિવ્ય મનુષ્ય હતો ને તેની ચેષ્ટાઓ અદ્ભુત હતી. વિશિષ્ટ પુણ્યને લીધે તેને આવી લોકોત્તર સંપદા મળી હતી.

જેમને અરિહન્તપદની લક્ષ્મી પ્રાપ્ત થવાની છે એવા ભગવાન ઋષભદેવ, ભરતના આનંદકારી મુખને દેખતા હતા; ને જ્યારે મધુર વચનસહિત પ્રણામ કરીને તે બેઠો થાય ત્યારે વારંવાર આલિંગન કરીને તેને પોતાની ગોદમાં બેસાડતા હતા.

પૂર્વભવના બીજા સાથીદારો પણ સર્વાર્થસિદ્ધિમાંથી ભગવાન ઋષભદેવના પુત્ર તરીકે યશસ્વતીની કુંખે અવતર્યા. જે ભગવાનની વજ્રજંઘપર્યાયમાં અકંપનસેનાપતિ હતો ને વજ્રનાભિપર્યાયમાં પીઠ નામનો ભાઈ હતો તે વૃષભસેન નામનો પુત્ર થયો.

જે ધનમિત્રશેઠ તથા મહાપીઠ નામનો ભાઈ હતો તે અનંતવિજય નામનો પુત્ર થયો.

સિંહનો જીવ જે પૂર્વે વિજય નામનો ભાઈ હતો તે અનંતવીર્ય નામનો પુત્ર થયો.

ભૂંડનો જીવ જે પૂર્વે વૈજયન્ત નામનો ભાઈ હતો તે અચ્યુત નામનો પુત્ર થયો.

વાંદરાનો જીવ જે પૂર્વે જયન્ત નામનો ભાઈ હતો તે વીર નામનો પુત્ર થયો.

નોળિયાનો જીવ જે પૂર્વ ભવમાં અપરાજિત નામનો ભાઈ હતો તે વરવીર નામનો પુત્ર થયો.

તે ઉપરાંત બ્રાહ્મી નામની એક પુત્રી થઈ.


આનંદપુરોહિતનો જીવ જે પૂર્વ ભવમાં મહાબાહુ નામનો ભાઈ હતો તે સર્વાર્થસિદ્ધિમાંથી ચ્યવીને સુનન્દારાણીની કુંખે બાહુબલી નામનો પુત્ર થયો; તથા વજ્રજંઘપર્યાય વખતે જે અનુંધરી નામની બહેન હતી તે અહીં સુંદરી નામની સુંદર પુત્રી થઈ.

એ પ્રમાણે ભગવાન ઋષભદેવને કુલ ૧૦૧ પુત્રો થયા. તે બધાય પ્રતાપી અને ચરમશરીરી હતા. ભગવાન ઋષભદેવ પ્રથમ તીર્થંકર હતા, તો તેમના પ્રતાપી પુત્રોમાં ભરત પ્રથમ ચક્રવર્તી, બાહુબલી પ્રથમ કામદેવ અને વૃષભસેન પ્રથમ ગણધર હતા. અહા! કેવો મહાન પરિવાર!

આવા ઉત્તમ પુત્ર–પુત્રીઓના પરિવારથી શોભતા ભગવાન એકવાર સિંહાસન પર બિરાજતા હતા; ત્યાં બ્રાહ્મી અને સુન્દરી બંને પુત્રીઓએ આવીને વિનયપૂર્વક પિતાજીને પ્રણામ કર્યા. ત્યારે ભગવાને તેમને ગોદમાં બેસાડીને મસ્તક પર હાથ ફેરવ્યો, મસ્તક સુંઘ્યું ને પછી હસતાંહસતાં કહ્યું–બેટી, આવો! તમે એમ ધારતા હશો કે આજે અમે દેવોની સાથે અમરવન જઈશું,–પરંતુ હવે એમ નહિ બની શકે, કેમકે દેવો તો પહેલાં જ ચાલ્યા ગયા છે. એમ ક્ષણભર ભગવાને તે પુત્રીઓ સાથે ક્રીડા કરી તથા તેમના શીલ અને વિનયની પ્રશંસા કરી. પછી કહ્યું કે–તમારું બંનેનું આવું સુંદર શરીર અને અનુપમ શીલ, તેને જો વિદ્યાવડે વિભૂષિત કરવામાં આવે તો તમારો જન્મ સફળ થઈ જાય. આ લોકમાં વિદ્યાવાન મનુષ્ય પંડિતોવડે સન્માન પામે છે; વિદ્યા જ સાચો ભાઈ અને વિદ્યા જ સાચો મિત્ર છે, વિદ્યા જ સાથે રહેનારૂં ધન છે; સાચી વિદ્યાવડે સર્વ મનોરથ સિદ્ધ થાય છે. માટે હે પુત્રીઓ! તમે વિદ્યાને ગ્રહણ કરો.

એમ કહીને ભગવાને તે બંને પુત્રીઓને વારંવાર આશીર્વાદ આપ્યા, અને પોતાના ચિત્તમાં સ્થિત શ્રુતદેવતાનું સ્મરણ કરીને બંને હાથવડે अ आ વગેરે અક્ષરમાળા તથા १ २ ३ વગેરે અંકો શીખવ્યા. ભગવાનના મુખથી નીકળેલી અને સિદ્ધમાતૃકા જેનું નામ છે, તથા 'सिद्धं नमः' એવું અત્યંત પ્રસિદ્ધ જેનું મંગળાચરણ છે– એવી શુદ્ધ અક્ષરાવલી, તેમજ ગણિત, વ્યાકરણ, કાવ્ય વગેરે સમસ્ત વિદ્યાઓ બ્રાહ્મી તથા સુંદરીએ ધારણ કરી. પિતા જ જેના ગુરુ છે એવી તે બંને પુત્રીઓ વિદ્યાવડે સરસ્વતી સમાન શોભવા લાગી. ભગવાને ભરત–બાહુબલી વગેરે સર્વે પુત્રોને પણ ચિત્રકળા, નાટયકળા વગેરે અનેક પ્રકારની વિદ્યાઓ ભણાવી અને સાથેસાથે આત્મજ્ઞાનરૂપ અધ્યાત્મવિદ્યાના પણ ઉત્તમ સંસ્કારો આપ્યા.

( આગામી અંકે રાજ્યાભિષેક, વૈરાગ્ય અને દીક્ષા )



## ગુરુદેવની સાથે સાથે * (સોનગઢથી હિંમતનગર)

[ પોષ સુદ ૧૨ થી મહા સુદ પાંચમ ]

પોષ સુદ ૧૨ની સવારમાં સોનગઢમાં સીમંધરનાથ આદિ જિનભગવંતોના દર્શન કરીને, સ્વાધ્યાય મંદિરમાં માંગળિકરૂપે ગુરુદેવે કહ્યું–આ આત્મા નિત્ય છે, તે નિત્યનું કાર્ય શું? –કે પોતાના નિજકાર્યનો તે કર્તા છે તથા તેનો ભોક્તા છે. નિજકાર્ય શું? કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ કાર્ય તે ખરૂં નિજકાર્ય છે. અને તેની પૂર્ણતારૂપ મોક્ષ છે. ને ‘સુધર્મ’ તે મોક્ષનો ઉપાય છે. સુ–ધર્મ એટલે સમ્યક્ધર્મ, નિશ્ચયધર્મ તે એક જ મોક્ષનો ઉપાય છે. આવા મોક્ષઉપાયને સાધવો તે આત્માનું ખરૂં નિજકાર્ય છે, ને તે મંગળરૂપ છે. માંગળિકમાં આત્માના નિજકાર્યની આ વાત આવી છે. –એમ ઘણા પ્રમોદથી કહ્યું. ને પછી જયજયનાદ વચ્ચે જિનેન્દ્ર–પ્રતિષ્ઠા માટે અને તીર્થયાત્રા માટે મંગલપ્રસ્થાન કર્યું. મોટરમાં બેસતાં પહેલાં સ્વાધ્યાયમંદિરના પગથિયે ઊભા રહીને ક્ષણભર માનસ્તંભના સીમંધરનાથને નીહાળી રહ્યા... બીજી જ ક્ષણે ‘મંગલવર્દ્ધિની’ મંગલનાદ કરતી કરતી તીર્થધામ તરફ દોડવા લાગી. –જો કે એને સોનગઢ છોડવું ગમતું ન હતું તેથી શરૂમાં તો તે સાવ ધીમે ધીમે ચાલતી હતી, પણ પછી જિનબિંબપ્રતિષ્ઠાની અને તીર્થયાત્રાની ગુરુદેવની ભાવના જાણીને તે પણ હોંસથી દોડવા લાગી.

થોડીવાર થઈ ત્યાં સોનગઢ છૂટયું ને લાઠી આવ્યું, અનેક ભક્તોએ સવારમાં ગુરુદેવના દર્શન કર્યા. પછી આવ્યું પૂ. બેનનું અમરેલી, ત્યાંથી પસાર થતાં અનેક સંસ્મરણો જાગતા હતા...ત્યાં તો આંકડિયા આવી ગયું...પંચકલ્યાણક મહોત્સવની પૂર્વ તૈયારીઓથી ગામનું વાતાવરણ મ્હેકતું હતું. શાંતિનાથપ્રભુના શાંતપ્રતિમાજીના દર્શન કર્યા; નવા જિનમંદિરનું અવલોકન કર્યું. વાતાવરણમાં પ્રસન્નતા છવાઈ ગઈ. થોડીવાર રોકાઈને અમરાપુર પહોંચ્યા.

પ્રવાસનો આ પહેલો મુકામ; ગ્રામ્યજનતાએ નાનકડું સ્વાગત કર્યું. સોનગઢ–બ્રહ્મચર્યાશ્રમમાં રહેતા બ્ર. તારાબહેનનું આ ગામ; તેમના કુટુંબની વિનતિથી ગુરુદેવ પધાર્યા. સૌએ ભક્તિથી લાભ લીધો. સોનગઢથી પૂ. બેનશ્રી–બેન વગેરે પણ પધાર્યા હતા. ગામડાના અત્યંત નિવૃત્ત અને શાંત વાતાવરણમાં ગુરુદેવ પ્રસન્નચિત્ત હતા.

બપોરે તત્ત્વજ્ઞાનતરંગિણી ઉપર સહેલું પ્રવચન કર્યું. નાનકડા અમરાપુરમાં ૨૦૦ ઉપરાંત માણસો પ્રવચન સાંભળવા આવ્યા હતા; પ્રવચનમાં દેહથી ભિન્ન ચૈતન્યગોળો ગુરુદેવ બતાવતા હતા, ને ગ્રામ્યજનતાને વારંવાર ભલામણ કરતા હતા કે ભાઈ, આ વાત જરાક ઝીણી તો લાગશે પણ ભગવાનની દુકાને તો આ માલ છે; આ વાત દુર્લભ છે પણ ખાસ સમજવા જેવી છે. આત્માની સમજણ વગર બીજું બધું કરી કરીને અવતાર ગુમાવ્યા. આત્મા શું છે તે સમજ્યા વગર અવતારનો અંત આવે તેમ નથી ને ‘અમર પદ’ પમાય તેમ નથી. આત્માનું સ્વરૂપ સમજે તો જ અમરપદ પમાય.

સાંજે તેમજ રાત્રે તત્ત્વચર્ચા વખતે ગુરુદેવે અનેક આનંદકારી વાતો સંભળાવી, ને ભક્તો આનંદિત થયા; ભાવિ તીર્થંકર ને ભાવિ ગણધરોની કથા સાંભળતાં કોને હર્ષ ન થાય? બીજે દિવસે (પોષ સુદ તેરસે) અમરાપુરથી લાઠી શહેર પધાર્યા; સ્વાગત થયું; જિનમંદિરમાં ભગવાન સીમંધરદેવનાં દર્શન કર્યા. બપોરે પ્રવચનમાં સમયસારની ૧૭-૧૮ ગાથાદ્વારા એમ સમજાવ્યું કે મોક્ષાર્થીએ યત્નપૂર્વક ચૈતન્યરાજાની સેવા કરવી. (પોષ સુદ ૧૪) સવારમાં પ્રવચન વગેરે થયું. બપોરે લાઠીના એક વયોવૃદ્ધ ભાઈ ગુરુદેવ પાસે આવેલ ને ગળગળા થઈને ઓરતો કરતા હતા એ વખતનું દ્રશ્ય જિજ્ઞાસુઓને ધર્મની દુર્લભતા તથા સત્ધર્મના બહુમાનની મહત્તા જગાડતું હતું.

લાઠીના પ્રવચનોમાં ગુરુદેવ તદ્ન સહેલી ઢબથી તત્ત્વ સમજાવતા હતા, ને તત્ત્વજ્ઞાનનો મહિમા સમજાવીને તેના અભ્યાસ માટે વારંવાર પ્રેરણા કરતા હતા; પ્રવચન પછી નાની બાળાઓએ તત્ત્વચર્ચા અને ગુરુમહિમા સંબંધી સંવાદ કર્યો હતો; સંવાદમાં સમ્યગ્દર્શનાદિ સંબંધમાં સુંદર ચર્ચા કરેલ-કે જેનો ઘણોખરો ભાગ આત્મધર્મના બાલવિભાગના સવાલ-જવાબમાં, તથા વાંચકો સાથે વાતચીતમાં આવેલ, તેના ઉપરથી રચાયો હતો. -એ ઉપરથી આપણો બાલવિભાગ નાના બાળકોમાં ધર્મના કેવા સુંદર સંસ્કારો સીંચી રહ્યો છે-તે દેખાઈ આવતું હતું. આજે મધરાત પછી લગભગ ચાર કલાક સુધી ગુરુદેવને અદ્ભુત તત્ત્વચિંતન ચાલ્યું-જેમાં આ સ્વભાવ, ને આ વિભાવ, એવી અત્યંત ભિન્નતા, તથા નિશ્ચય ને વ્યવહાર બંનેની ભિન્નતા-એનું ઘણું સ્પષ્ટ ઘોલન ચાલતું હતું-તે વખતે ગુરુદેવને ઘણી પ્રસન્નતા થઈ હતી. લાઠીમાં છેલ્લે દિવસે (પોષ વદ એકમે) પૂ. બેનશ્રી-બેન આવી ગયા હતા. આજે લાઠીના ઠાકોરસાહેબ પણ પ્રવચનમાં આવ્યા હતા. પ્રવચન બાદ જિનમંદિરમાં

ભક્તિ થઈ હતી. રાત્રે તત્ત્વચર્ચામાં ગુરુદેવ જ્ઞાનની અચિંત્ય તાકાત સમજાવતા હતા. દેહાદિ બધા સંયોગ પલટી જવા છતાં પૂર્વના સંબંધવાળા જીવને વર્તમાનમાં ઓળખી કાઢવાની તાકાત (–પૂર્વે જોયેલ આત્મા આ જ છે–એમ નિઃશંક જાણી લ્યે એવી તાકાત) મતિજ્ઞાનમાં છે, ને એવી તાકાતવાળા (જાતિસ્મરણજ્ઞાનવાળા) જીવો અત્યારે અહીં છે; અને એના કરતાંય આત્માનું અનુભવજ્ઞાન તો અપૂર્વ વસ્તુ છે, એનો જ ખરો મહિમા છે; એવા જીવો પણ અત્યારે અહીં છે.–એમ ગુરુદેવ જ્ઞાનનું માહાત્મ્ય સમજાવતા હતા. લાઠીનો ચાર દિવસનો કાર્યક્રમ પૂરો થતાં પોષ વદ બીજની સવારમાં સીમંધરપ્રભુની સ્તુતિ કરીને લાઠીથી અમરેલી પધાર્યા.

(પોષ વદ બીજ) ગુરુદેવ અમરેલી પધારતાં ભાવભીનું સ્વાગત થયું. શરૂમાં જૈન બોર્ડિંગમાં થોડીવાર રોકાયેલા ત્યારે અમરેલીના ૧૯૮૬ થી માંડીને આજસુધીના કેટલાય જુના સંસ્મરણો યાદ કર્યા હતા. આ પ્રસંગે બે દિવસ માટે શ્રી નેમિનાથ ભગવાનના પ્રતિમાજી પણ અમરેલીમાં બિરાજમાન કર્યા હતા. બપોરના પ્રવચનમાં મોક્ષઅધિકારનો પ્રજ્ઞાછીણીવાળો કળશ વંચાયો હતો. સ્થાનિક અગ્રગણ્ય ઘણા ભાઈઓએ લાભ લીધો હતો. અમરેલી પૂ. શ્રી શાન્તાબેનનું ગામ હોવાથી અહીં સોનગઢથી ઘણા જિજ્ઞાસુઓ આવ્યા હતા...ને ધર્મનાં અનેક મધુર સંભારણાથી પ્રસન્ન થયા હતા. (વદ ત્રીજ–) સવારમાં ગુરુદેવ નેમપ્રભુના દર્શન કરવા પધાર્યા ત્યારે સેંકડો ભક્તો જિનેન્દ્રદેવની પૂજા કરતા હતા...અમરેલી જેવું ગામ–કે જ્યાં હજી જિનમંદિર થયું નથી ત્યાં ધર્માત્માઓ દ્વારા જિનેન્દ્રદેવની પૂજાનું આવું આનંદકારી દ્રશ્ય દેખીને પ્રસન્નતા થતી હતી. ગુરુદેવનો ઉતારો જૈનભુવનમાં હતો. બપોરે પણ પ્રવચનમાં ઘણા લોકોએ લાભ લીધો હતો; ગુરુદેવે દ્રષ્ટાંત સહિત જાતિસ્મરણ વગેરેની વાત કરી હતી. બીજે દિવસે સવારમાં અમરેલીથી જસદણ તરફ પ્રસ્થાન કર્યું. જિનેંદ્રપ્રતિષ્ઠા અને તીર્થયાત્રા જેવા મંગલપ્રસંગે ગુરુદેવ જેવા મહાપુરુષની સાથે ભક્તોને ઘણો આનંદોલ્લાસ થતો હતો.

જસદણમાં નુતનજિનમંદિરમાં શ્રી વર્દ્ધમાનસ્વામી વગેરે જિનભગવંતોની વેદી–પ્રતિષ્ઠાનો મહોત્સવ હતો. સ્વાગત બાદ જસદણ દરબારના કચેરીહોલમાં મંગલપ્રવચન થયું હતું. પ્રવચન બાદ વેદીપ્રતિષ્ઠામહોત્સવની વિધિનો પ્રારંભ થયો હતો, તેમાં ઝંડારોપણ વગેરે વિધિ થઈ હતી. બપોરના પ્રવચનમાં જસદણના દરબારશ્રી, રાણીસાહેબ, યુવરાજ વગેરે આવેલ. (ઈંદોરના હુકમીચંદજી શેઠ વીંછીયા જિનમંદિરના

શિલાન્યાસ પ્રસંગે વીસ વર્ષ પહેલાં વીંછીયા આવેલા ત્યારે આ જસદણદરબારે પણ રૂા. ૧૦૦૧ ) વીંછીયા જિનમંદિર માટે અર્પણ કર્યા હતા...આજે તેઓ પોતાના ગામમાં ગુરુદેવના પ્રવચનાદિનો લાભ લઈ રહ્યા છે. બપોરે પ્રવચન પછી અનેક ભક્તો બાજુનું ગોખલાણા ગામ જોવા ગયા હતા...ને ત્યાં પૂ. બેનશ્રી–બેને દેવ–ગુરુની ભક્તિ કરાવી હતી. ( ગોખલાણા તે પૂ. શ્રી શાન્તાબેનના વડવાઓનું વતન હતું. ) બીજે દિવસે સવારના પ્રવચન બાદ પ્રતિષ્ઠાવિધિમાં કેવળજ્ઞાનાદિ ૬૪ ઋદ્ધિધારી મુનિવરોનું પૂજનવિધાન થયું હતું. રાજકુટુંબના રાણી વગેરેએ ગુરુદેવને આહારદાન આપ્યું હતું, ને તે પ્રસંગે ગુરુદેવે તેમને પૂ. બેનશ્રી–બેન જેવા ધર્માત્માઓ જસદણમાં અત્યારે બિરાજે છે તે સંબંધી કેટલોક મહિમા સમજાવ્યો હતો. વદ સાતમે સવારમાં ગુરુદેવના આશીર્વાદપૂર્વક ઇન્દ્રપ્રતિષ્ઠા તથા પંચપરમેષ્ઠીપૂજન ( યાગમંડલવિધાન ), જલયાત્રા તથા વેદીશુદ્ધિ વગેરે વિધિ થઈ હતી. પ્રતિષ્ઠામાં ૯ ઇન્દ્ર–ઇન્દ્રાણી હતા.

પોષ વદ આઠમની સવારમાં જસદણના જિનાલયમાં દેવાધિદેવ વર્ધમાન પ્રભુની મંગલપ્રતિષ્ઠા ઉલ્લાસકારી વાતાવરણ વચ્ચે ગુરુદેવે ભક્તિપૂર્વક કરી; તે ઉપરાંત ભગવાન આદિનાથપ્રભુ તથા જિનવાણીમાતાની પણ મંગલપ્રતિષ્ઠા કરી. વીંછીયાનું આ નાનકડું જિનમંદિર દરબારગઢ પાસેના ચોકમાં આવેલું છે, ઉપરના ભાગમાં ( ઉમરાળા જેવી દેરીમાં ) ભગવંતો બિરાજે છે. આ રીતે જસદણના જિજ્ઞાસુઓની ઘણા વર્ષની ભાવના પૂરી થઈ. ત્યારબાદ શાંતિયજ્ઞ તથા ભગવાનની રથયાત્રા નીકળી હતી. આ રીતે જસદણમાં જિનેન્દ્રદેવની વેદીપ્રતિષ્ઠા કરીને બીજે દિવસે સવારમાં ભગવાનના દર્શન–સ્તવન કરીને ગુરુદેવ આંકડિયા ગામે પધાર્યા.

– * –



સં. ૨૦૧૩ ના ફાગણમાં ગુરુદેવે તીર્થાધિરાજ સમ્મેદશિખરજીની યાત્રા કરાવી, અને આજે દશ વર્ષે ફાગણ માસમાં ફરી જેને ભેટવા ગુરુદેવ જઈ રહ્યા છે...તેનું મધુર સંભારણું.

# અમરેલીમાં પ્રજ્ઞાછીણી

[ પોષ વદ ૨–૩ ના રોજ ગુરુદેવ અમરેલી પધાર્યા ત્યારે સમયસાર કળશ ૧૮૧ ઉપરના પ્રવચનમાંથી ]

**અમરેલીમાં શું વાંચીશું-એનો ગુરુદેવ વિચાર કરતા હતા, પુસ્તક લઈને પાનું ફેરવ્યું ત્યાં તો 'પ્રજ્ઞાછીણી' નીકળી...ને તરત ગુરુદેવને થયું કે અમરેલીમાં કુદરતે આ 'પ્રજ્ઞાછીણી' આવી છે એટલે તે જ અહીં વાંચીએ. તે અનુસાર પ્રજ્ઞાછીણીના કળશ ૧૮૧ ઉપર ત્રણ પ્રવચનો થયા, તેનો આ નમુનો છે.**

આ દેહથી ભિન્ન આત્મા છે તેની વાત છે. જેમ શ્રીફળમાં છોતા, કાચલી ને રાતી છાલ ત્રણેથી જુદું સફેદ–મીઠું ટોપરું છે; તેમ આ શરીરરૂપી છોતાં, જડકર્મ રૂપી કાચલાં ને રાગાદિરૂપી રતાશ,–એ ત્રણેથી જુદું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, આવા જ્ઞાન–આનંદસ્વરૂપ આત્માને કેમ ઓળખવો? પ્રજ્ઞાછીણી વડે આત્મા ઓળખાય છે. પ્રજ્ઞાછીણી એટલે આત્માને અને રાગાદિને ભિન્ન જાણનારું જ્ઞાન તે જ મોક્ષનો ઉપાય છે.

શ્રીમદ્રાજચંદ્રજીને નાની ઉંમરમાં જ આત્માના પૂર્વભવનું જ્ઞાન થયું હતું. ૧૬ વર્ષની અલ્પવયમાં તો તેઓ લખે છે કે–

**હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરૂં?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં.**

હું કોણ છું? શું આ દેહ હું છું? ના; હું તો દેહથી જુદો જાણનાર છું. ક્યાંથી થયો?– કે અનાદિનો છું, નિત્ય છું. જ્ઞાન ને આનંદ તે મારું ખરું સ્વરૂપ છે. –આમ યથાર્થસ્વરૂપનો વિચાર કરતાં આત્માનું જ્ઞાન થાય છે, તે અપૂર્વ વસ્તુ છે.

ભાઈ, તારા આત્માને જાણ્યા વગર તેં બહારમાં 'હું કરું હું કરું' એમ માનીને મિથ્યા અભિમાન સેવ્યું છે, ને સ્વતત્ત્વને તું ભૂલ્યો છે. તારા જ્ઞાન–આનંદનો

તને વિશ્વાસ નથી, એનો નમુનો તેં કદી જોયો નથી, એને ઓળખનારા જ્ઞાનીની ઓળખાણ તેં કરી નથી. સમ્યગ્દર્શન થતાં પોતાના આત્માનો સાક્ષાત્કાર થઈ જાય, જ્ઞાન ને આનંદનો સ્વાદ આવી જાય; અંદર આત્માના ધ્યાનમાં જ્ઞાનને એકાગ્ર કરવારૂપ પ્રજ્ઞાછીણી છે, પ્રજ્ઞાછીણીવડે આત્માનો આનંદ અનુભવાય છે. આત્માનો આનંદ બહાર કાઢીને (પ્રગટ કરીને) સન્તો ફરમાવે છે કે હે જીવ! આવો આનંદ આત્મામાં ભર્યો છે. ભેદજ્ઞાનવડે તે પ્રગટ થાય છે.

ભક્તો કહે છે કે હે ભગવાન! અમારા આત્માની શુદ્ધ ચૈતન્યસત્તાને આપે આપના જેવી જ શુદ્ધ દેખી છે; અમારું શુદ્ધ સ્વરૂપ જેવું આપે દેખ્યું તેવું અમે અમારા જ્ઞાનમાં લઈને અમે આપની ભક્તિ કરીએ છીએ. –આમ શુદ્ધસ્વરૂપને પોતાના જ્ઞાનમાં લ્યે ત્યારે સમ્યગ્દર્શન થાય. આત્મા શું ને રાગ શું–એ બંનેની ભિન્નતા ઓળખીને, પ્રજ્ઞાછીણીવડે જુદા કરવા, એટલે કે જ્ઞાનને બંધભાવોથી જુદું કરીને જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર કરવું, આવું ભેદજ્ઞાન તે મોક્ષનો ઉપાય છે. એટલે પ્રજ્ઞાછીણી તે મોક્ષનો ઉપાય છે. આ પ્રજ્ઞાછીણી આત્માથી ભિન્ન બીજી કોઈ ચીજ નથી, પણ આત્માનો જ નિર્મળ ઉપયોગ છે. આત્માથી બહાર બીજું કોઈ મોક્ષનું સાધન નથી. જેમ તીક્ષ્ણ કરવત લાકડાના બે કટકા કરી નાંખે છે, તેમ આત્મા અને રાગ બંને અનાદિ અજ્ઞાનથી એકમેક લાગે છે, તેને જુદા ઓળખીને પ્રજ્ઞાછીણી આત્માને રાગથી જુદો કરી નાંખે છે. –આનું નામ ધર્મ છે, ને આ મોક્ષનું સાધન છે.

આત્મા અને રાગ વચ્ચે અજ્ઞાનીને એકતા અને કર્તાકર્મપણું લાગે છે, તેને સમજાવે છે કે ભાઈ, આત્મા અને રાગ વચ્ચે તિરાડ છે, બંને એકમેક થઈ ગયા નથી, બંને વચ્ચે સૂક્ષ્મ સાંધ છે; તે સાંધમાં પ્રજ્ઞાછીણી મારતાં બંને ભિન્નપણે અનુભવાય છે. બંને વચ્ચેની સાંધ કેવી રીતે પકડવી? કે લક્ષણની ભિન્નતા વડે; આત્માનું લક્ષણ જ્ઞાન, અને રાગનું લક્ષણ આકુળતા –એમ બંનેના લક્ષણ વચ્ચે આંતરું છે. –એ અંતરને (તફાવતને) પકડીને જ્ઞાનને અંતરમાં વાળવું એનું નામ પ્રજ્ઞાછીણી છે; તે પ્રજ્ઞાને ભગવતી કહેવામાં આવી છે. આ ભગવતી પ્રજ્ઞા વડે આત્માને અને રાગને જુદા ઓળખીને જ્ઞાન અંતરમાં આત્મસ્વભાવમાં એકાગ્ર થાય છે ને રાગાદિ પરભાવોને બંધરૂપ જાણીને છોડે છે. –આવું ભેદજ્ઞાન તે મોક્ષનો ઉપાય છે.

જેમ અંધારાનો જાણનાર અંધકારમય નથી, પણ અંધકારથી જુદો છે. ‘આ અંધારું છે’ એમ જાણે છે, પણ ‘હું અંધારું છું’ એમ નથી જાણતો, હું તો

અંધારાને જાણનારો છું–એમ જાણે છે. તેમ રાગાદિભાવો અંધારા જેવા છે તે અજ્ઞાનમય ભાવોને જાણનાર પોતે અજ્ઞાનમય નથી; અજ્ઞાનમય ભાવો પોતે પોતાને નથી જાણતા, તેને જાણનાર તો જ્ઞાનમય છે. રાગાદિને જાણતાં 'આ રાગાદિ જ હું છું' એમ અજ્ઞાની અનુભવે છે; પણ રાગને જાણતાં 'આ રાગ છે, ને હું તો જ્ઞાન છું' એમ જ્ઞાન અને રાગની ભિન્નતાનો અનુભવ કરવો તે જ્ઞાનકળા છે; તેને જ પ્રજ્ઞાછીણી કહેવાય છે. આવી પ્રજ્ઞાછીણી પ્રગટ કરવી તે ધર્મ છે, તે મોક્ષનું સાધન છે.

* * *

ધર્મીજીવ–કે જેણે પ્રજ્ઞાવડે રાગથી જુદો આત્મા અનુભવ્યો છે, તે જાણે છે કે મારો આનંદ મારામાં ભરેલો છે, એને જાણીને હે જિનેશ્વરદેવ! 'ધર્મ' એવો આત્માનો સ્વભાવ તેનું અમે શરણ લીધું છે, શ્રદ્ધામાં–જ્ઞાનમાં તેનું જ આલંબન લીધું છે, તે ધર્મનો અમને રંગ લાગ્યો છે, તેમાં હવે ભંગ પડવાનો નથી. ચૈતન્યની જે પ્રીતિ લાગી તેમાં હવે બીજાની પ્રીતિ વચ્ચે કદી આવવાની નથી. –આમ નિઃશંકપણે ધર્મી જીવ મોક્ષનો સાધક થયો છે. આવું ભાન ને આવું સાધકપણું નરકના જીવોનેય થઈ શકે છે, બાળકને પણ થઈ શકે છે. ને આવું જ્ઞાન કરવું તે જ ધર્મનો ઉપાય છે.

## વૈરાગ્ય સમાચાર

* સોનગઢ પાસે જીંથરી હોસ્પિટલમાં મીઠાલાલભાઈ રખિયાલવાળાનો સ્વર્ગવાસ થયાના સમાચાર લાઠી મુકામે આવ્યા...ને વાતાવરણ એકદમ વૈરાગ્યમાં પલટાઈ ગયું. હજી તો બે દિવસ પહેલાં ગુરુદેવે સોનગઢથી વિહાર કરતાં પહેલાં જીંથરી જઈને તેમને દર્શન દીધેલા, તે વખતે તબીયત સુધારા ઉપર હતી; એ વાતને પૂરા ૪૮ કલાક પણ ન થયા ત્યાં તો હાર્ટફેઈલથી તેઓ સ્વર્ગવાસ પામી ગયા. તેઓ કહેતા કે–ગુરુદેવ ચારમાસ માટે બહાર જાય છે પણ મારા આ જીવનનો શો ભરોસો? તેમને શરીરની દરકાર ન હતી; તેઓ કહેતા કે હિંમતનગરના પંચકલ્યાણક ઉત્સવ વખતે તો હું જરૂર આવીશ, ડોકટર મને રજા નહિ આપે તોપણ હું તો આવીશ. –આ વૈરાગ્યપ્રસંગને પ્રવચનમાં પણ ગુરુદેવ યાદ કરતા હતા. તેઓ તત્ત્વના જિજ્ઞાસુ હતા, ઉત્સાહી હતા, રખિયાલમાં ભવ્ય દિ. જિનમંદિર બંધાવવામાં તેમનો ઘણો ઉત્સાહ હતો; ને અવારનવાર સોનગઢ આવીને તેઓ લાભ લેતા હતા.

* ગુરુદેવ જસદણ બિરાજતા હતા તે દરમિયાન સોનગઢથી ગુણશ્રીજીના સ્વર્ગવાસના સમાચાર આવ્યા, જેઓ પ્રથમ શ્વેતાંબર સંપ્રદાયમાં સાધ્વી હતા, પણ પાછળથી છેલ્લા વીસેક વર્ષથી જિજ્ઞાસુભાવે સોનગઢ રહીને ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા. છેલ્લા ઘણા સમયથી તેઓ બિમાર હતા; ને થોડા દિવસ પહેલાં પૂ. ગુરુદેવ તેમને દર્શન દેવા પધાર્યા હતા, તથા પૂ. બેનશ્રીબેને પણ પધારીને તેમને ઉચ્ચ આત્મભાવના સંભળાવી હતી. સોનગઢમાં ગુરુદેવના વિહાર પછી આઠમે દિવસે તેઓ સ્વર્ગવાસ પામ્યા.

* રાણપુરવાળા રાયચંદ જીવરાજભાઈ ખંધાર તા. ૨૯–૧–૬૭ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. –સદ્ગત આત્માઓ દેવ–ગુરુના શરણે આત્મશાંતિ પામો.

# જસદણમાં ભેદજ્ઞાન

**વેદીપ્રતિષ્ઠા પ્રસંગે પૂ. ગુરુદેવ પોષ વદ પાંચમથી આઠમ જસદણ પધાર્યા તે પ્રસંગે થયેલા પ્રવચનોમાંથી. ( સમયસાર ગા. ૭૨ )**

—卐 —

પ્રથમ દિવસે ભેદજ્ઞાનની ભૂમિકાનો ઉપોદ્ઘાત કરતાં ગુરુદેવે જીવની નિત્યતા, અજ્ઞાનભાવે પુણ્ય–પાપથી થતું સ્વર્ગ–નરકાદિ ચાર ગતિમાં ભ્રમણ અને દુઃખ, દેહ અને આત્માની ભિન્નતા, તથા સત્ શ્રવણની દુર્લભતા વગેરે સમજાવીને આસ્તિકયતાનું પ્રતિપાદન કર્યું, ને ધર્મની જિજ્ઞાસા જગાડી; હવે એ દુઃખથી છૂટીને આનંદની પ્રાપ્તિ કેમ થાય–તેની રીત સમજાવે છે. શાસ્ત્રભાષામાં કહીએ તો ભેદજ્ઞાન વડે બંધનો નિરોધ કેમ થાય ? તે રીત સમજાવે છે.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે આનંદનો સાગર છે; તે આનંદના સ્વાદ પાસે ધર્મીને જગતની કોઈ ચીજની મહત્તા ભાસતી નથી. અરે જીવ ! તને જગતના પદાર્થોનું આશ્ચર્ય લાગે છે, ને પરમ મહિમાવંત એવા આત્મસ્વભાવનું તને આશ્ચર્ય કેમ નથી લાગતું ? એકવાર આશ્ચર્ય લાવીને એને દેખ તો ખરો ! આ આત્માનું સ્વરૂપ સમજી શકાય તેવું છે. માટે, 'નહિ સમજાય' એમ માનીને અટકી જવું નહિ પણ ઉત્સાહથી તે સમજવાનું લક્ષ રાખવું. વાત જરાક ઝીણી તો છે પણ જન્મ–મરણનો અંત લાવવા માટે અત્યંત જરૂરની છે. –એમ સત્યનો મહિમા લાવીને સમજવાનો ઉદ્યમ કરવો. આત્માનું આવું સ્વરૂપ ઓળખતાં તે ક્ષણે જ અંદર આનંદનો અનુભવ થાય છે, ને અજ્ઞાન છૂટી જાય છે એટલે અજ્ઞાનથી જે બંધન થતું તે બંધન અટકી જાય છે. –આવું ભેદજ્ઞાન તે ધર્મ છે.

ભાઈ, આત્માના સ્વરૂપને તેં કદી જાણ્યું નથી; ને આત્મસ્વરૂપની સાચી વાત સાંભળવા મળવી પણ બહુ દુર્લભ છે. દેવો પણ સ્વર્ગમાંથી જે વાત સાંભળવા નીચે મનુષ્યલોકમાં આવે છે; જેનું શ્રવણ પણ દુર્લભ એના અનુભવની શી વાત ?

આવા આત્માના અનુભવ વગર, જ્ઞાન વગર જીવ અનંત કાળમાં બીજું બધું કરી ચુક્યો છે, અશુભભાવો કર્યા છે ને શુભ પણ કર્યા છે, પણ તેનાથી કિંચિત્ સુખ પામ્યો નથી. દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મા આનંદથી ભરેલો છે, અનંત ગુણરૂપી રત્નોથી ભરેલો ચૈતન્યરત્નાકર છે. આવો આત્મા પોતે જ છે; પણ અજ્ઞાનથી ચાર ગતિમાં રખડતાં માથે શું–શું વીત્યું એની એને ખબર નથી.

અહીં આનંદસ્વરૂપ આત્મા અને દુઃખરૂપ રાગાદિ–એ બંનેની ભિન્નતા ઓળખાવીને ભેદજ્ઞાન કરાવે છે. પુણ્ય–પાપથી પાર એવા સૂક્ષ્મ અતીન્દ્રિય જ્ઞાનવડે આત્મા જણાય છે; ઇન્દ્રિયોવડે કે રાગમિશ્રિત સ્થૂળ જ્ઞાનવડે આત્મા જણાતો નથી. કેમકે ઇન્દ્રિયો કે રાગ તે આત્માનું સ્વરૂપ નથી; ઇન્દ્રિયો અને રાગથી પાર એવું અતીન્દ્રિયજ્ઞાન તે જ આત્માનું સ્વરૂપ છે, ને તેના વડે જ સ્વસંવેદનથી આત્મા જણાય છે.

– આત્મા પોતાને જાણે છે ને રાગને પણ જાણે છે.

– રાગ પોતે પોતાને પણ નથી જાણતો, ને પરને પણ નથી જાણતો.

– રાગને 'આ રાગ છે' એમ બીજો જાણે છે, પણ રાગ પોતે તે નથી જાણતો કે હું રાગ છું. 'રાગથી બીજો' એટલે રાગથી જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા, તે રાગને જાણે છે. પરંતુ આત્માને પોતે પોતાને જાણવા માટે કોઈ બીજાની જરૂર નથી પડતી, કેમકે પોતે જ જ્ઞાનસ્વરૂપ હોવાથી પોતે પોતાને જાણે છે. આ જાણનાર સ્વરૂપી આત્મા, અને ન જાણનાર એવો રાગ, –એ બંનેને ભિન્નતા છે. ચેતનસ્વરૂપ આત્માનાં કિરણ તો જ્ઞાનરૂપ છે, રાગમાં ચેતવાનો અભાવ છે, તેનામાં ચેતનપણું નથી, તેથી તે અચેતન છે, ચેતનથી ભિન્નછે.

–આવું ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

આત્માનું ઝરણું તો આનંદરૂપ છે, આત્માના ઝરણામાં આકુળતા ન હોય. આકુળતા તો રાગ છે, દુઃખરૂપ છે. માટે તે રાગાદિ આકુળભાવોથી જુદો ચેતનસ્વરૂપ આત્મા હું છું

–એવું ભેદજ્ઞાન કરવું તે બંધનથી છૂટવાનો ઉપાય છે.

– * –

**પ્રશ્નઃ**- સર્વજ્ઞની સ્તુતિ એટલે શું ?

**ઉત્તરઃ**- જ્ઞાનસ્વભાવી આત્માની અનુભૂતિ.

# ગુરુદેવની સાથે સાથે

## આંકડિયામાં પંચકલ્યાણક–પ્રતિષ્ઠા–મહોત્સવ

### પોષ વદ ૯ થી માહ સુદ ૧ ( તા. ૩ થી ૧૦ )

‘આંકડિયા’ જ્યાં ૨૩ વર્ષ પહેલાં આપણા આ ‘આત્મધર્મ’ નો જન્મ થયો...ત્યાં ગુરુદેવ પધારતાં ઘણા જ ઉલ્લાસપૂર્વક સ્વાગત થયું, હાથી–ઘોડા ને વાજિંત્રો સહિત આખું ગામ સ્વાગતમાં ઉમટયું હતું. આખી નગરી શોભતી હતી; તેમાંય જિનમંદિર સન્મુખ વિશાળ પ્રતિષ્ઠામંડપ વિશેષ શોભતો હતો. સ્વાગત બાદ ગુરુદેવે માંગળિક સંભળાવ્યું ને તરત પ્રતિષ્ઠામંડપમાં જિનેન્દ્રદેવને બિરાજમાન કરીને ઝંડારોપણ થયું. જાપવિધિનો પ્રારંભ આગલા દિવસે થઈ ગયો હતો. સાંજે પંચપરમેષ્ઠીની પૂજાનું મંડલવિધાન શરૂ થયું હતું. બીજે દિવસે સવારમાં અભિષેકપૂર્વક વિધાન પૂર્ણ થયું હતું; તથા અંકુરારોપણ અને જલયાત્રા વગેરે થયું હતું. વહેલી સવારમાં ધર્મના મંગલ ગીતથી મંડપ ગુંજી ઊઠતો હતો. આંકડિયાની સમસ્ત ગ્રામજનતા ( કણબી વગેરે બધા ) આ ઉત્સવ જાણે પોતાનો જ હોય–એમ ઉમંગથી ભાગ લેતા હતા; રાત્રે મંડપમાં ટોળેટોળાં ભક્તિ–રાસ–ભજન વગેરે દ્વારા પોતાનો ઉમંગ વ્યક્ત કરતા હતા.

એકવાર તો પ્રવચન ચાલતું હતું ત્યાં ગામડાંના કણબી બહેનોનું ટોળું બાજુમાં ગીત ગાતું હતું, તેના અવાજથી એમ લાગ્યું કે કોઈને ત્યાં લગ્નનાં આ ગીત ગવાતા લાગે છે! –ત્યાં તો કોઈએ ખુલાસો કર્યો કે ના રે ના, એ તો બધા ગાતાં ગાતાં વ્યાખ્યાન સાંભળવા આવી રહ્યાં છે! –આવો હતો ગામડાંનો ઉમંગ!

( તા. ૫ પોષ વદ ૧૧ ) સવારમાં ગુરુદેવના આશીર્વાદપૂર્વક પ્રતિષ્ઠા ઉત્સવનો પ્રારંભ થયો; નાંદીવિધાન ( આનંદના ચિહ્નરૂપ મંગલ કળશનું સ્થાપન ) તથા ઈન્દ્રપ્રતિષ્ઠા થઈ. આઠ ઈન્દ્રો તથા એક કુબેર હતા. તેમાં સૌધર્મેન્દ્ર તરીકે ભાઈશ્રી પ્રફુલ્લચંદ્ર પરમાણંદ હતા. અને માતા–પિતા તરીકે ભાઈશ્રી પોપટલાલ મોહનલાલ વોરા તથા રંભાબેન હતા. ઈન્દ્રોનું સરઘસ જોઈને ગ્રામ્યજનતા આનંદિત થતી હતી. બપોરે ઈન્દ્રોએ પંચપરમેષ્ઠીનું પૂજન ( યોગમંડલવિધાન ) કર્યું હતું. રાત્રે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાનાં દ્રશ્યો

થયા હતા. તેમાં શરૂઆતમાં કુમારિકા–દેવીઓ દ્વારા મંગલાચરણરૂપે નેમપ્રભુની સ્તુતિ થઈ હતી. ત્યારબાદ અહમિન્દ્રોની સભામાં નેમપ્રભુના જીવ સાથે બીજા દેવોની ચર્ચા; ઇન્દ્રસભામાં ભગવાનના ગર્ભકલ્યાણકની તૈયારી, ૫૬ દિગ્કુમારી દેવીઓ દ્વારા માતાજી શિવાદેવીની સેવા, માતાજીના ૧૬ મંગળ સ્વપ્નો વગેરે દ્રશ્યો થયા હતા. બીજે દિવસે સવારમાં ૧૬ મંગલ સ્વપ્નોનું ફળ, પ્રભુના ગર્ભકલ્યાણકથી સર્વત્ર આનંદ, માતાજી સાથે દેવીઓની તત્ત્વચર્ચા વગેરે દ્રશ્યો થયા હતા. ગામની જનતા પણ હરેક પ્રસંગે પોતાનો આનંદ વ્યક્ત કરતી હતી. સાંજે જિનમંદિર–વેદી–કળશ–ધ્વજની શુદ્ધિ થઈ હતી; ઇન્દ્ર–ઇન્દ્રાણીઓ ઉપરાંત, પૂ. બેનશ્રી–બેનના પવિત્ર હસ્તે કેટલીક મંગલ વિધિ થઈ હતી. રાત્રે નેમકુમારના પૂર્વભવોનું દ્રશ્ય, તથા તત્ત્વચર્ચાનો સંવાદ, તેમજ ભક્તિ–ભજનનો કાર્યક્રમ હતો. પોષ વદ ૧૩ ની સવારમાં ભગવાન નેમપ્રભુના જન્મકલ્યાણકનો ઉત્સવ ઘણા આનંદથી ઉજવાયો હતો. સૌધર્મેન્દ્રની સભામાં જન્મોત્સવની તૈયારી, તથા સમુદ્રવિજય મહારાજાના દરબારમાં જન્મમંગલની વધાઈ અને આનંદમય ભક્તિ વગેરે દ્રશ્યો હર્ષ ઉપજાવતા હતા. જનતા ખુશખુશાલ હતી ને નગરીનું વાતાવરણ સર્વત્ર ઉમંગમય હતું. આંકડિયાને માટે આ મહોત્સવ અભૂતપૂર્વ હતો. સૌધર્મેન્દ્ર હાથી ઉપર આવ્યા ને જન્મધામ દ્વારિકાનગરીને પ્રદક્ષિણા દીધી, શચીઇન્દ્રાણીએ બાલતીર્થંકરને તેડીને સૌધર્મેન્દ્રના હાથમાં આપ્યા, ને સૌધર્મેન્દ્ર આશ્ચર્યપૂર્વક પ્રભુના રૂપને નીહાળી રહ્યા. પછી પ્રભુને હાથી ઉપર લઈને ઠાઠમાઠ ભરેલા સરઘસપૂર્વક મેરૂપર્વતે તેડી ગયા; મેરુને પ્રદક્ષિણા કરી, ને પછી અત્યંત આનંદકારી વાતાવરણ વચ્ચે પ્રભુનો જન્માભિષેક થયો; તેમાં પૂ. ગુરુદેવે પણ ભગવાનનો અભિષેક કર્યો...એ દ્રશ્ય દેખીને સૌને ઘણો હર્ષ થયો. મેરુ ઉપર ભગવાન બહુ જ શોભતા હતા...મોક્ષને સાધવા માટે જેમનો અવતાર છે એવા એ ભગવાનને જોતાં ભક્તો આનંદિત થતા હતા. ધન્ય પ્રભો! આપનો આ છેલ્લો અવતાર છે. આપના અવતારનો અંત થઈ ગયો...અભિષેક પછી ઇંદ્રાણીએ બાલતીર્થંકરને વસ્ત્રાભૂષણથી સુસજ્જિત કર્યા...ને હાથી ઉપર બિરાજમાન કરીને નગરીમાં આવ્યા. ત્યાં ઇન્દ્રાએ અને ભક્તોએ અતિશય ભક્તિથી નૃત્ય કરીને પોતાનો મહાન આનંદ વ્યક્ત કર્યો.

જિનેન્દ્ર–કલ્યાણકના આવા અવનવા ભાવભીનાં દ્રશ્યો દેખીને સૌ મુગ્ધ બનતા હતા. સ્વ. બાલચંદભાઈના બંધુઓ શ્રી કપુરચંદભાઈ તથા ઝવેરચંદભાઈ તો પ્રસન્નતાથી ગુરુદેવ સમક્ષ કહેતા હતા કે–આ તો ભારે સરસ છે...હૃદય હલાવી દે તેવું છે. અનેકવિધ સમજણ સહિત કલ્યાણકનાં દ્રશ્યો, અને જિનેન્દ્રદેવનો મહિમા નીરખતાં તેમને

થતું કે આવું કદી જોયું નથી. આંકડિયાના આંગણે આવો મહોત્સવ ઉજવાય છે એ તો ગુરુદેવનો જ મહાન પુણ્યપ્રતાપ છે. ઇન્દોરના પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથુલાલજી દરેક વિધિ શાંતિપૂર્વક વ્યવસ્થિત રીતે કરાવતા હતા ને દરેક પ્રસંગની સમજણ આપતા હતા, તેથી વિશેષ આનંદ થતો હતો.

બપોરે પ્રવચન પછી નેમકુંવરનું પારણાઝુલન થયું. ઇન્દ્રાણીએ, માતાજીએ તેમજ અનેક ભક્તોએ ભાવપૂર્વક પ્રભુને પારણે ઝુલાવ્યા. રાત્રે નેમકુમારના વિવાહની તૈયારી, રાજાઓનું આગમન અને ભેટ, પશુઓને પીંજરે પુરાયેલા દેખીને પ્રભુને વૈરાગ્ય, અને રથ પાછો વાળીને દીક્ષાની તૈયારીનાં દ્રશ્યો થયા હતા. બીજે દિવસે (પોષ વદ ૧૪) સવારમાં પ્રભુના વૈરાગ્યનું દ્રશ્ય, રાજીમતીની ભાવના, લૌકાંતિક દેવોદ્વારા સ્તુતિ અને સંબોધનપૂર્વક વૈરાગ્યની અનુમોદના, તથા ઇન્દ્રોદ્વારા દીક્ષાકલ્યાણક–વગેરે દ્રશ્યો થયા હતા. જ્યારે પાલખીમાં વિરાજમાન પ્રભુજી ગીરનાર તરફ જઈ રહ્યા હતા ત્યારે આખા ગામની જનતા પ્રભુની સાથે જઈ રહી હતી, એ દ્રશ્ય અનેરું હતું. આજે ભગવાન ઋષભદેવના મોક્ષકલ્યાણકનો દિવસ હતો, એ જ દિવસે નેમપ્રભુનો દીક્ષાકલ્યાણક થયો; તથા જે સ્થાને દીક્ષાવિધિ થઈ તે સ્થાનેથી ગીરનારતીર્થના પણ દર્શન થાય છે. વનમાં દીક્ષા પછી પ્રભુ તો આત્મધ્યાનમાં લીન થયા... પછી મુનિદશાનું સ્વરૂપ સમજાવતું વૈરાગ્યપ્રવચન થયું. પ્રવચનમાં મુનિદશાની ભાવનાને ગુરુદેવ વારંવાર મલાવતા હતા; ને વૈરાગ્યરસનો પ્રવાહ વહાવતા હતા.

મુનિ અતીન્દ્રિય આનંદના અનુભવમાં ઝુલતા હોય છે–દેહથી ભિન્ન આનંદસ્વરૂપ આત્માનું ભાન તો ભગવાનને પહેલેથી જ હતું; આત્મભાન સહિત ને ત્રણ જ્ઞાન સહિત તો તેઓ જન્મ્યા હતા. પછી વૈરાગ્ય થતાં મુનિ થયા ને આત્માના આનંદમાં એકદમ લીન થયા. –અહો, આવી મુનિદશાનો અવસર ક્યારે આવશે? અમારો આત્મા તો દુનિયાથી જાુદો વીતરાગમૂર્તિ, અમારી મોટાઈ અમારા વીતરાગભાવમાં છે, ને રાગમાં અમારી હીનતા છ –એમ સમજી ચૈતન્યના ધ્યાનમાં લીન થઈ ક્ષપકશ્રેણી વડે ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ભગવાને ગીરનાર પર્વત ઉપર દીક્ષા લીધી હતી; કેવળજ્ઞાન પણ ત્યાં જ પામ્યા હતા, ને મોક્ષ પણ ત્યાંથી પામ્યા હતા. દીક્ષા કલ્યાણક પછી ભક્તો નેમ–મુનિરાજની ભક્તિ કરતા હતા; સાંજે નેમપ્રભુનું દીક્ષાધામ–કેવળધામ ને મોક્ષધામ (–જે આંકડિયાથી ૨૦/૨૫ માઈલ દૂર છે ને સંધ્યાસમયે સ્પષ્ટ દેખાય છે,) તેનાં દર્શન

કરવા ગયા હતા...ને એમ થતું કે વાહ, ધન્ય નેમપ્રભુનું જીવન, ને ધન્ય તેમની આ પાવન ભૂમિ !

પોષ વદ અમાસની સવારે નેમિમુનિરાજ આહાર માટે નગરીમાં પધાર્યા...ને શેઠશ્રી બાલચંદભાઈના આંગણે કસુંબાબેન વગેરે દ્વારા આહારદાન થયું. મુનિરાજના આહારદાનનો પ્રસંગ ઘણો ભક્તિ ભરેલો ને આનંદકારી હતો. બપોરે શ્રી જિનબિંબો ઉપર અંકન્યાસવિધાન થયું; પૂ. ગુરુદેવના સુહસ્તે પણ કેટલીક વિધિ થઈ હતી. ગુરુદેવે ભક્તિપૂર્વક જિનબિંબો ઉપર મંત્રાક્ષરો લખ્યા હતા. આંકડિયાના મૂળનાયક



સીમંધર ભગવાન, તથા આસપાસમાં ઋષભદેવ ભગવાન અને મહાવીર ભગવાનના જિનબિંબો છે. તે ઉપરાંત ધાતુના શ્રી નેમનાથપ્રભુ છે. (શાંતિનાથ પ્રભુના પ્રતિમાજી તો પહેલેથી આંકડિયા બિરાજે છે.) આ ઉપરાંત અમરેલી માટે એક શ્રી શાંતિનાથ ભગવાનના મોટા પ્રતિમા તથા એક સીમંધરપ્રભુના પ્રતિમાજી પણ ગુરુદેવના હસ્તે પ્રતિષ્ઠિત થયા

હતા. જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા થતાં સૌને ઘણો હર્ષ થયો હતો. થોડીવારમાં જ ભગવાનના કેવળજ્ઞાનના મહિમાસૂચક ઘંટનાદ થવા લાગ્યા, ને ઇન્દ્રો કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા આવ્યા. સમવસરણ રચાયું ને ઇન્દ્રોએ સર્વજ્ઞદેવનું પૂજન કર્યું. ત્યારબાદ, દિવ્યધ્વનિમાં ભગવાને શું કહ્યું ? તે વાત ગુરુદેવે પ્રવચનમાં સમજાવી. ઉત્સવ દરમિયાન હંમેશાં પ્રવચનમાં ત્રણ ચાર હજાર માણસોથી મંડપ ઉભરાઈ જતો હતો. આસપાસના ગામડામાંથી પણ લોકો ઉત્સવ જોવા ઉમટયા હતા; એટલું જ નહીં, – ગામડાના જુવાન કણબી ભાઈઓના મોઢામાં પણ સમયસાર અને જિનવાણીનાં ગીત ગવાતા હતા, ને તેઓ પણ ઉત્સવમાં આનંદથી ભાગ લેતા હતા. સૌ કહેતા કે અમારા આંકડિયા ગામમાં આવું ક્યાંથી હોય ?

માહ સુદ એકમની સવારમાં, ગીરનાર તીર્થ ઉપરથી ભગવાન નેમિનાથ તીર્થંકર મોક્ષ પામે છે–તે દ્રશ્ય થયું હતું; ને ઇન્દ્રોએ નિર્વાણપૂજા કરી. એ રીતે નિર્વાણકલ્યાણક સાથે પંચકલ્યાણક પૂરા થયા; અને પછી પ્રતિષ્ઠિત જિનેન્દ્રભગવંતોને જિનમંદિરમાં બિરાજમાન કર્યા. આંકડિયાનું આ રળિયામણું જિનમંદિર સ્વ. બાલુભાઈની ભાવના અનુસાર તેમના ધર્મપત્ની કસુંબાબહેને બંધાવી આપ્યું છે. ઉત્સાહી ભાઈશ્રી જમુભાઈ રવાણીની દોરવણી નીચે બધી વ્યવસ્થા સુંદર થઈ હતી, ને ગામજનોએ સર્વ પ્રકારનો સાથ આપ્યો હતો. ગુરુદેવના સુહસ્તે જ્યારે સીમંધરાદિ જિનભગવંતોની સ્થાપના થઈ ત્યારે સૌને ઘણો જ હર્ષ થયો. અને અમારા અમરેલી ગામમાં પણ આવું જિનમંદિર ગુરુદેવના પ્રતાપે થાય–એમ ભક્તો ભાવના ભાવવા લાગ્યા. ગુરુદેવના પ્રતાપે અમારા હાથે આ જિનેન્દ્રભગવંતોને આંગણે પધરાવવાનો અવસર આવ્યો–એમ આંકડિયાના ભાઈઓને ઘણી પ્રસન્નતા થઈ હતી, ને ચારે કોર જયજયકાર ગાજતા હતા. નીચેની વેદી ઉપર સીમંધર ભગવાન, આદિનાથ ભગવાન, મહાવીર ભગવાન તથા નેમનાથ ભગવાન બિરાજે છે, ઉપરના ભાગમાં શાંતિનાથ ભગવાન બિરાજે છે. તે ઉપરાંત ગુરુદેવના સુહસ્તે જિનવાણીમાતાની પણ સ્થાપના થઈ. પછી કળશ અને ધ્વજ ચડાવ્યા...ને મંગલ પ્રતિષ્ઠામહોત્સવ આનંદપૂર્વક પૂર્ણ થયો. તે જિનેન્દ્રભગવંતો જગતનું કલ્યાણ કરો.

પ્રતિષ્ઠા પછી શાંતિયજ્ઞ થયો, સૌએ સંતોના આશીર્વાદ લીધા; અને પછી સાંજે, ઉત્સવની આનંદપૂર્વક પૂર્ણતાની ખુશાલીમાં જિનેન્દ્ર ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી, આખું ગામ હર્ષોલ્લાસમય હતું. આવો ઉત્સવ દેખીને બપોરે શ્રી કપુરભાઈ તથા ઝવેરભાઈ ગુરુદેવને કહેતા હતા કે અહીંનો ઉત્સવ આવો આનંદકારી, તો જ્યારે

ભગવાનના સાક્ષાત્ કલ્યાણક થતા હશે એ કેવું હશે? ગુરુદેવ કહે–એની તો શી વાત! પછી સાક્ષાત્ સમવસરણની, પૂર્વભવોની, તથા ભવિષ્ય સંબંધી આનંદકારી વાત ગુરુદેવે કરી હતી, જે સાંભળીને ભક્તોને ધર્માત્માનો ખૂબ મહિમા જાગતો હતો, ને ધાર્મિક પોષણ મળતું હતું. આમ આનંદ અને ઉલ્લાસપૂર્વક જિનેન્દ્રભગવાનનો મંગલ ઉત્સવ ઉજવાયો.

બીજે દિવસે માહ સુદ બીજની સવારમાં શ્રી જિનમંદિરમાં ભગવાનના દર્શન–સ્તવન કરીને જયજયકારપૂર્વક ગુરુદેવે આંકડિયાથી રાણપુર તરફ પ્રસ્થાન કર્યું.

* * *

આંકડિયામાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ કરીને પ્રસ્થાન કરતાં પહેલાં ગુરુદેવે એક 'ગારુડી' નું સ્વપ્ન જોયું:– એક ગારુડી છે, તેની પાસે એવી કોઈ વનસ્પતિ છે કે જે સુંઘાડતાં સર્પ દરમાંથી બહાર આવે ને તેનું ઝેર છોડીને ચાલ્યો જાય. કયા દરમાં સર્પ છે તે જાણીને ત્યાં વનસ્પતિ સુંઘાડતાં જ સર્પ બહાર નીકળે છે ને પોતાનું ઝેર છોડી દે છે. –આ રીતે જાણે મિથ્યાત્વનું ઝેર ઉતારી નાંખનારી કોઈ દિવ્ય સંજીવની (જિનવાણીરૂપી સંજીવની) દેખાણી. –ગુરુદેવે સવારમાં (માહ સુદ બીજે) સીમંધરપ્રભુનાં દર્શન કરીને તેમની સન્મુખ આ શુભસ્વપ્ન પ્રસન્નતાપૂર્વક સંભળાવ્યું; ધર્મપ્રભાવનાસૂચક આવું સ્વપ્ન સાંભળીને સૌને પ્રસન્નતા થઈ, ત્યારબાદ ગુરુદેવે ભક્તિ કરાવી. વહેલી સવારમાં, "સાચો અંતરયામી આતમદિલમાં ધ્યાવજે રે...નિજ અંતરમાં પ્રભુને પ્રેમ થકી પધરાવજે રે..." એવું ભાવભીનું ભજન ગુરુદેવના શ્રીમુખથી સાંભળતાં ઉલ્લાસભાવો જાગતા હતા. ત્યારબાદ પ્રભુને અર્ઘ ચડાવીને મંગલપૂર્વક પ્રસ્થાન કર્યું.

વચ્ચે અમરેલી, ઉમરાળા ને બરવાળા–એ ત્રણેય ગામોથી પસાર થઈને રાણપુર પહોંચ્યા...ત્યાં ભક્તોએ ભાવપૂર્વક ગુરુદેવનું સ્વાગત કર્યું. જિનમંદિરમાં શ્રી મહાવીરાદિ ભગવંતોનાં દર્શન કર્યા. બપોરે કર્તાકર્મ અધિકાર ગા. ૬૯–૭૦ ઉપર ગુરુદેવે પ્રવચન કર્યું... પ્રવચનમાં રાણપુરના તેમજ બહારગામના ૩૦૦–૪૦૦ શ્રોતાજનોએ લાભ લીધો હતો. બીજે દિવસે બે પ્રવચનો કરીને ત્રણવાગે ગુરુદેવે રાણપુરથી અમદાવાદ પ્રસ્થાન કર્યું.

– * –

# આંકડિયામાં જ્ઞાન અને ભક્તિ

**આંકડિયામાં પોષ વદ ૯ થી માહ સુદ એકમ સુધી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ગુરુદેવ પધારેલા, ત્યારે સમયસાર-પુણ્યપાપ-અધિકાર ઉપર, તથા પદ્મનંદીમાંથી ઋષભસ્તુતિ ઉપર ગ્રામ્યજનતાને પણ સમજાય એવી અત્યંત સરલ શૈલિથી પ્રવચનો થયા, તેનું થોડુંક દોહન.**

દેહથી ભિન્ન આ આત્મા અંદર શું ચીજ છે તેની આ વાત છે. જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાસ ભરી છે તેમ આત્માની શક્તિમાં સર્વજ્ઞતા ભરી છે. આત્માનું ભાન કરીને તે સર્વજ્ઞતા જેમણે પ્રગટ કરી એવા ભગવાન સર્વજ્ઞદેવની આ વાણી છે. અહીં એવા સર્વજ્ઞભગવાનની સ્થાપનાનો આ ઉત્સવ છે. તે સર્વજ્ઞભગવાનને ઓળખવા જોઈએ. આત્માનો જ્ઞાનસ્વભાવ છે તે પુણ્ય અને પાપ બંનેથી પાર છે, એમ અહીં આચાર્યદેવ સમજાવે છે.

ભાઈ, અનંતકાળમાં તેં પાપની અને પુણ્યની વાત સાંભળી છે, ને તે પુણ્ય–પાપનો તને અભ્યાસ છે; પણ તે પુણ્ય–પાપ બંનેથી પાર આત્માનું વીતરાગસ્વરૂપ શું છે–તેની તને ખબર નથી, તે વાત તને સાંભળવા મળી નથી, ને સાંભળવાનો આવો અવસર આવ્યો ત્યારે સમજવાની તેં દરકાર કરી નથી. બહુ તો સ્થૂળ પાપ છોડીને કંઈક પુણ્યપરિણામ કર્યા તેમાં કલ્યાણ માનીને સંતોષાઈ ગયો. ભાઈ, પાપ અને પુણ્ય એ તો બંનેની એક જાત છે. તું બંનેની જાત જુદી માને છે તે ભૂલ છે. શુભ કે અશુભ એ બંને રાગના જ પ્રકાર છે, બેમાંથી એકેય વીતરાગી મોક્ષમાર્ગરૂપ નથી. મોક્ષમાર્ગ તો પુણ્ય અને પાપ બંનેથી પાર જ્ઞાનભાવરૂપ છે. –ભાઈ, આવો મોક્ષમાર્ગ તારે સમજવો પડશે. –આ સમજ્યે જ દુઃખથી છૂટકારો થાય તેમ છે.

**પ્રશ્નઃ-** અમે તો નાના ગામડાના કણબી, અમને મોક્ષમાર્ગની આવડી મોટી વાત કેમ સમજાય?

**ઉત્તરઃ-** બાપુ! આત્મા કણબી નથી, આત્મા નાનો નથી, આત્મામાં આ

મોક્ષમાર્ગ સમજવાની તાકાત છે, મહાન તાકાતથી આત્મા ભરેલો છે, તેથી તેને તેની વાત સમજાવે છે. આત્માને સાધારણ ન માનો; આ શરીરથી ભિન્ન એકેક આત્મા પરિપૂર્ણ જ્ઞાન–આનંદથી ભરેલો છે. પુણ્યની કે પાપની વૃત્તિ તો ક્ષણિક છે, વિકાર છે, બંધનું કારણ છે, આત્મા તે ક્ષણિક પુણ્ય–પાપ જેટલો નથી.

* * *

પુણ્ય–પાપરહિત જ્ઞાનસ્વરૂપ આત્માને સાધીને અનંતા જીવો પૂર્ણ પરમાત્મદશાને પામ્યા છે ને પૂર્ણ આનંદસહિત સિદ્ધલોકમાં બિરાજે છે. એમાં આ ચોવીસીના ૨૪ તીર્થંકરોમાં ઋષભદેવ પહેલા તીર્થંકર થયા; તેમની સ્તુતિ કરે છે. પદ્મનંદી નામના મુનિરાજ–કે જેઓ વન જંગલમાં રહેતા ને આત્મધ્યાનમાં ઝુલતા હતા, તેમણે એક શાસ્ત્ર રચેલું છે, તેમાંથી આ ૧૩મા અધિકાર દ્વારા ઋષભદેવપ્રભુની સ્તુતિ કરી છે. અસંખ્ય વર્ષ પહેલાં તે ભગવાન આ ભરતભૂમિમાં થઈ ગયા, છતાં જાણે અત્યારે જ સન્મુખ બિરાજતા હોય–એવા ભાવથી મુનિરાજે તેમની આ સ્તુતિ કરી છે. તેમાં મંગળિકમાં કહે છે કે હે જિનેંદ્ર! આપ જયવંત રહો, એટલે કે વીતરાગતા ને સર્વજ્ઞતા જયવંત રહો, એમ કહીને તે ગુણનો આદર કર્યો છે. પોતાને તે ગુણ ગોઠયા છે તેથી કહે છે કે હે પ્રભો! નિર્મળગુણરૂપી રત્નોના નિધિ એવા આપ જયવંત હો...પ્રભો! આપ તો સમસ્ત જીવો ઉપર વાત્સલ્યવાળા છો...આપને રાગ તો નથી પણ વીતરાગી વાત્સલ્ય છે, એટલે પોતાને ભગવાનના વીતરાગ ગુણોનો પ્રેમ હોવાથી ઉપચારથી કહે છે કે અહો પ્રભો! આપ અમારા ઉપર વાત્સલ્ય કરનારા છો, ને નિર્મળગુણોનાં નિધાન છો; અમને પણ અમારા ગુણનાં નિધાન આપે દેખાડયા છે. પ્રભો! આપનાં ગુણોનો આદર કર્યો તેથી હવે અમે પુણ્ય–પાપરૂપ રાગમાં અટકવાના નથી, પણ રાગ અને આત્મગુણોની ભિન્નતા જાણીને અમે પણ અમારા વીતરાગીગુણોનાં નિધાનને સાધશું ને પરમાત્મા થશું.

ભક્ત કહે છે કે હે પ્રભો! રાગના વિકલ્પ દ્વારા આપને દેખતાં પણ અમને એવો હર્ષ થાય છે કે દેહમાં સમાતો નથી ને રોમાંચદ્વારા બહાર નીકળે છે, તથા આપના દર્શનથી ત્રણલોકમાં ઉત્તમ પુણ્ય બંધાઈ જાય છે; તો પછી હે નાથ! આપને જ્ઞાનનેત્રથી દેખતાં જે અતીન્દ્રિય આનંદ થાય છે તેની તો શી વાત? –એ તો વચનથી કહી શકાય નહિ.

જેને આવા આનંદસ્વરૂપ આત્માનું જ્ઞાન થાય તેને આત્માથી બહાર બીજે ક્યાંય સુખ ભાસે નહિ, એટલે ઇન્દ્રિયસુખોમાં ક્યાંય તેને મગ્નતા ન રહે, ઇન્દ્રિયસુખોનો પ્રેમ છૂટીને ચૈતન્યસુખનો પ્રેમ થયો છે, ચૈતન્યસુખનો સ્વાદ તેણે ચાખ્યો છે. આત્માના સુખનો સ્વાદ જેણે જાણ્યો નથી તેને જ પુણ્યના ફળમાં સુખ લાગે છે. પણ જ્ઞાની તો તેમાં કિંચિત્ સુખ દેખતા નથી; સુખનો ભંડાર તો પોતામાં દેખ્યો છે. પ્રતિકૂળતામાં દીનતા કે અનુકૂળતામાં અધિકતા તેને લાગતી નથી, એને તો પોતાના ચૈતન્યની જ અધિકતા ભાસે છે. અરે, મારા ચૈતન્યની મહત્તા પાસે જગતની મહત્તા શી ?

સર્વજ્ઞપદની મહત્તાની અજ્ઞાનીને ઓળખાણ નથી; ને ઓળખાણ વગર સ્તુતિ કરવા જાય તો તે સાચી સ્તુતિ ક્યાંથી કરી શકે ! પરંતુ, અહીં તો કહે છે કે હે પ્રભો ! આપને ઓળખવા છતાં આપના અનંતગુણોની પૂરી સ્તુતિ અમારાથી થઈ શકતી નથી. પ્રભો, અલ્પજ્ઞાનવડે આપના અપાર જ્ઞાનની સ્તુતિ કરવી –તે તો કુવાનું દેડકું ઠેકડો મારીને સમુદ્રનું માપ કરવા ચાહે –એના જેવું છે. વિકલ્પવડે આપની સ્તુતિ પૂરી થાય નહિ, છતાં પ્રભો ! આપના ગુણોની પ્રીતિને લીધે ભક્તિવશ સ્તુતિ કરવા ઊભો થયો છું. પ્રભો ! આપની વીતરાગી ભક્તિના ફળમાં તો કેવળજ્ઞાનરૂપ આત્મલક્ષ્મી મળશે; ને સાથે શુભરાગ બાકી રહેશે તેનાથી એવા લોકોત્તર પુણ્ય બંધાશે કે જ્યાં જશું ત્યાં લક્ષ્મી આજ્ઞાકારી થઈને સામી આવશે. –પણ પ્રભો ! એ રાગનું ને એ પુણ્યનું અમને બહુમાન નથી, અમને તો વીતરાગી– ગુણોનું જ બહુમાન છે. જે રાગનું બહુમાન કરે કે તેના ફળને ઇચ્છે, તો તેને વીતરાગનો ભક્ત કેમ કહેવાય ? વીતરાગનો ભક્ત રાગને ઇચ્છે નહિ.

ભક્ત કહે છે–હે ઋષભદેવ પ્રભો ! આપ જ્યારે સર્વાર્થસિદ્ધિમાં બિરાજતા હતા ત્યારે તે વિમાન શોભતું હતું, પણ જ્યારે આપ સર્વાર્થસિદ્ધિને છોડીને આ મનુષ્યલોકમાં અવતર્યા ત્યારે સર્વાર્થસિદ્ધિની શોભા આપના વગર ઝાંખી પડી ગઈ, ને આ મનુષ્યલોકની શોભા વધી ગઈ. –એટલે હે નાથ ! અમને સર્વાર્થસિદ્ધિનો મહિમા નથી, અમને તો આપનો મહિમા છે. ( ને સાથે સાથે ભગવાન પૂર્વભવમાં સર્વાર્થસિદ્ધિમાં હતા–તે પણ બતાવી દીધું. )

અરે જીવ ! ભગવાનને ઓળખીને તારા આત્મામાં ચૈતન્યનો એક કણિયો

જગાડ...તો ચૈતન્યના તે કણિયા પાસે આખા જગતની શોભા તને ઊડી જશે. ચૈતન્યની મહત્તાની તુલના જગતમાં કોઈ કરી શકે નહીં.

શુભરાગથી અને તેના ફળમાં સ્વર્ગાદિ મળે તેનાથી અજ્ઞાની પોતાને સુખી માને છે; પણ ભાઈ, ચૈતન્યના જ્ઞાન વિના બીજે ક્યાંય સુખ નથી; અનુકૂળતામાંય સુખ નથી, અનુકૂળતા તરફની આકુળતા તે પણ દુઃખ જ છે. ભગવાન આત્મા તો આનંદનો ઉત્પાદક છે, ને શુભાશુભરાગ તે દુઃખનો ઉત્પાદક છે. –આમ બંનેની ભિન્નતાને ઓળખ. પાપમાં દુઃખ ને પુણ્યમાં સુખ–એ માન્યતા અજ્ઞાનીની છે; પાપ અને પુણ્ય બંનેનું બંધન દુઃખકારી છે ને આત્માનો જ્ઞાનભાવ (પાપ–પુણ્ય વગરનો) તે જ સુખકારી છે –એમ જ્ઞાની જાણે છે.

મોક્ષમાર્ગ પવિત્ર–વીતરાગ છે; તે મોક્ષમાર્ગના આશ્રયે પુણ્ય–પાપ થતા નથી. પુણ્ય ને પાપ બંને બંધમાર્ગના જ આશ્રયે થાય છે. જેટલો બંધમાર્ગ છે તે બધો દુઃખરૂપ છે તેથી તે 'અશુભ' છે–મલિન છે. (–પુણ્ય પણ તે 'અશુભ' માં સમાય છે કેમકે તે પણ બંધમાર્ગ છે.) અને પુણ્ય–પાપ વગરનો જે મોક્ષમાર્ગ તે શુભ છે–પવિત્ર છે, તેમાં પુણ્ય કે પાપ ન આવે. –આ રીતે મોક્ષમાર્ગ જુદી ચીજ છે, ને પુણ્ય–પાપરૂપ બંધમાર્ગ જુદી ચીજ છે. બંનેની જાત જુદી છે.

તીર્થંકર ભગવાન જેવા મહાન આત્મા જ્યાં અવતરવાના હોય ત્યાં તેમની માતાના સ્વપ્નાં પણ લોકોત્તર ઉત્તર ફળસૂચક હોય છે. તીર્થંકર ભગવાનની માતા જ ૧૬ મંગલ સ્વપ્નો દેખે છે; એવા રત્નને જન્મ દેનારી માતા જગતમાં ધન્ય છે. પ્રભો, આપ તો ધન્ય, ને આપને જન્મ દેનારી માતા પણ ધન્ય! હે માતા! તારો તો તે પુત્ર છે પણ જગતનો તે તારણહાર છે, જગતનો ધર્મપિતા છે. ઇન્દ્ર પણ હજાર નેત્રવડે આશ્ચર્યથી જેને નીહાળી રહે એવું તો જેમના દેહનું રૂપ, એમના આત્માના અચિંત્ય મહિમાની શી વાત!! –એવા સ્વભાવથી દરેક આત્મા ભરેલો છે. –આવા આત્માને ઓળખવો તે સર્વજ્ઞ ભગવાનની ખરી ભક્તિ છે. ભાઈ, તારા જ્ઞાનચક્ષુ ખોલીને આત્માના સ્વરૂપને દેખ; તેમાં તારા જ્ઞાનની સફળતા છે.

– * –

# રાણપુરમાં મોક્ષની ક્રિયા

**માહ સુદ ૨-૩ ના દોઢ દિવસમાં ત્રણ પ્રવચનદ્વારા ગુરુદેવે રાણપુરમાં મોક્ષની ક્રિયા સમજાવી...તે અહીં આપી છે.**

જ્ઞાનક્રિયા તે આત્માની ક્રિયા છે, તે ક્રિયા આત્માના સ્વભાવની જાત છે, એટલે તે ક્રિયા તો મોક્ષનું કારણ થાય છે, તેથી તે ક્રિયાનો નિષેધ નથી. ત્યારે ક્રોધાદિભાવરૂપ વિકારી ક્રિયા તો જ્ઞાનથી ભિન્ન છે, આત્માના સ્વભાવની ક્રિયા તે નથી, તે તો આત્માના સ્વભાવથી વિરુદ્ધ ક્રિયા છે. તેથી તે ક્રિયા મોક્ષનું કારણ નથી પણ બંધનું કારણ છે, તેથી તે ક્રિયાનો નિષેધ છે.

ભાઈ, તને મોક્ષનું કારણ થાય એવી ક્રિયા કઈ? તે સમજાવે છે. આત્માને જે મોક્ષનું કારણ થાય તે આત્માની સાચી ક્રિયા છે; આત્માને જે બંધનું કારણ થાય તે તેની સાચી ક્રિયા નથી.

આત્મા જ્યારે પોતાના સ્વરૂપમાં એકાગ્ર થાય છે ત્યારે તેનામાં જ્ઞાનક્રિયા તો રહે છે. પણ ક્રોધાદિના કર્તૃત્વરૂપ ક્રિયા છૂટી જાય છે. માટે ક્રોધાદિનું કર્તૃત્વ તે આત્માની ખરી ક્રિયા નથી. રાગ કે જે આત્માને બધંનું કારણ છે તેના કર્તૃત્વમાં જે અટકે તે જીવ મોક્ષને કઈ રીતે સાધશે? મોક્ષને સાધવાની ક્રિયા તો રાગ વગરની છે.

આત્માની જ્ઞાનક્રિયા સ્વતંત્ર છે, તેમાં બીજાની ઓશિયાળ નથી. જડની ક્રિયા તો આત્માની છે જ નહિ. જ્ઞાનક્રિયા સ્વાધીન હોવાથી સુગમ છે; દેહાદિની ક્રિયા તો ત્રણકાળમાં આત્માની થઈ શકતી નથી, કેમકે જડની ક્રિયા ચેતનની કદી થઈ શકે નહીં. ચૈતન્યનું ભાન કરીને, રાગ વગરની જ્ઞાનક્રિયાવડે અનંતા જીવો મોક્ષને પામ્યા છે. આઠવર્ષના બાળક પણ આવી ક્રિયાવડે મોક્ષ પામી શકે છે. આ સિવાય રાગની કે જડની કોઈ ક્રિયાવડે આત્મા કદી મોક્ષ પામે નહીં.

જેને રાગનો પ્રેમ છે તેને જ્ઞાન પ્રત્યે દ્વેષ છે. ને જેને જ્ઞાનનો પ્રેમ જાગે તેને રાગનો પ્રેમ રહેતો નથી. રાગની ક્રિયા મારી ને હું તેનો કર્તા, એમ જે જીવ

રાગક્રિયામાં નિઃશંક પોતાપણે વર્તે છે તે અજ્ઞાની જીવ પોતાની જ્ઞાનક્રિયાને ઓળખતો નથી, એટલે ધર્મક્રિયાને ઓળખતો નથી. શુભરાગ મને ધર્મનું સાધન થશે –એમ માનનાર પણ રાગક્રિયાને જ પોતાની માને છે, એટલે તે રાગને જ સેવે છે, પણ જ્ઞાનને સેવતો નથી. તેને સંતો સમજાવે છે કે ભાઈ! તારી તો જ્ઞાનક્રિયા છે, ને રાગ તો જુદી જાત છે. –એમ ભિન્નતા સમજીને રાગનું કર્તૃત્વ છોડ ને જ્ઞાનક્રિયાને જાણ. જ્ઞાનક્રિયા જ મોક્ષનું કારણ છે.

અરે, અનાદિકાળના બંધનથી છૂટકારાની વાત અમે તને સંભળાવીએ, ને હોંસ ન આવે–એ કેમ બને? બાર કલાકથી બંધાયેલા વાછડાંને સવારમાં જ્યાં પાણી પાવા માટે છોડે ત્યાં છૂટકારાના ઉલ્લાસથી કુદાકુદ કરે છે. તો તું અનાદિકાળનો સંસારબંધનથી દુઃખી, –તો હવે તારું અજ્ઞાન કેમ મટે, ને દુઃખ ટળીને મોક્ષસુખ કેમ મળે તે માટેની આ જ્ઞાનક્રિયા સન્તો તને સમજાવે છે, તો છૂટકારાનો આ ઉપાય સાંભળતાં કયા મુમુક્ષુને ઉલ્લાસ ન જાગે?

– * –

## પૂ. શ્રી કાનજીસ્વામી દિ. જૈન તીર્થયાત્રા સંઘ

**સોનગઢ** ( સૌરાષ્ટ્ર )

જે જે યાત્રિકોની અરજી મંજૂર થઈ છે તેઓને એક પરિપત્ર નં. ૧ મોકલ્યો છે. તેમાં જણાવ્યા મુજબ બસભાડાના બાકીના રૂા. તા. ૨૫–૨–૬૭ સુધીમાં મોકલી આપવા વિનંતિ છે. જો આપ ચેક અથવા ડ્રાફ્ટથી રૂા. મોકલો તો **ખીમચંદ જેઠાલાલ શેઠ એન્ડ અધર્સ ના** નામથી મોકલશો.

પરિપત્ર સાથે એક દાખલો મોકલ્યો છે તે પ્રમાણે આપનું રેશનકાર્ડમાંથી નામ કેન્સલ કરાવી તેનો દાખલો પણ તુરત મોકલી આપવા વિનંતી છે.

લિ.

**તીર્થયાત્રા કમિટિ.**

પત્રવ્યવહારનું સરનામુંઃ–

**મેનેજર**

**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

**સોનગઢ** ( સૌરાષ્ટ્ર )




**સંપાદકનો પત્ર**

પ્રિય બાલબંધુઓ, હાલ પૂ. ગુરુદેવ સાથે મંગલ–પ્રવાસમાં હોવાથી જોકે તમને નવા પ્રશ્નોત્તર વગેરે આપી શકાતું નથી, તેમજ તમારા પત્રોના જવાબ પણ આપી શકાતા નથી, પરંતુ દરેકેદરેક ગામે આપણા બાલવિભાગના કોઈ ને કોઈ સભ્યો જરૂર મળે છે ને ઘણો જ આનંદ વ્યક્ત કરે છે, તથા બાલવિભાગના બધા સભ્યોને પણ પ્રેમથી યાદ કરે છે. બાલવિભાગના આપણા બંધુઓને દેખીને તથા ધર્મ પ્રત્યેની આવી લાગણી દેખીને પ્રસન્નતા થતી હતી. તમને જાણીને આનંદ થશે કે આંકડિયાના પંચકલ્યાણકમાં ભગવાનની દીક્ષા વખતે, આપણા બાલવિભાગના બાળકો લૌકાંતિક દેવ બન્યા હતા. ગામેગામ બાલવિભાગના કોઈને કોઈ સભ્યો મળે છે, તેમને દેખીને આનંદ થાય છે. તમારા ગામમાંય ગુરુદેવ પધારે ત્યારે હોંશથી લાભ લેજો. બંધુઓ, જીવનમાં નાનપણથી જ ધર્મના ઊંચા સંસ્કાર રેડાય–એ ખૂબ જ લાભકારી છે. બાળકોમાં ધર્મના સંસ્કાર રેડાય તે માટેની ખાસ ભાવનાથી ઠેઠ રાજસ્થાનમાં જયપુર પાસે રામગઢના એક જૈનવિદ્યાલયે બધા બાલસભ્યોને એક ભેટ પુસ્તક આપેલ છે; તે અનુસાર ભગવાન ઋષભદેવનું દશ ભવનું ઉત્તમ જીવનચરિત્ર બધા બાલસભ્યોને આપવાનું છે. કદાચ તે તમને મળી પણ ગયું હશે; –નહિતર થોડા જ દિવસમાં મળી જશે. તમે ઉત્સાહથી વાંચજો ને એ પ્રભુના પવિત્ર જીવનનું અનુકરણ કરજો. હમણાં પ્રવાસમાં હોવાને કારણે બાલવિભાગની વ્યવસ્થામાં જરા ઓછું ધ્યાન આપી શકાય છે; તેથી કેટલાક સભ્યોને જન્મદિવસનું કાર્ડ તથા ફોટો નથી મળ્યા; બંધુઓ, બાલવિભાગ શરૂ થયા પછી જે સભ્યોનો જન્મદિવસ આવી ગયો હોય, ને હજી સુધી એક્કેયવાર તમને ફોટો કે કાર્ડ ન મળ્યું હોય તો તમારા સભ્ય નંબર અને જન્મદિવસ સહિત અમને લખશો; એટલે વૈશાખ સુદ બીજ સુધીમાં તમને જરૂર ભેટ મળી જશે. તમે આનંદથી ને ઉત્સાહથી તત્ત્વનો અભ્યાસ ચાલુ રાખજો. આપણા બાલવિભાગની **'ત્રણ વાત'** તો તમને યાદ હશે જ! કોઈ ભૂલી ગયા છો કે? –તો ફરી યાદ કરીએ– એક હંમેશા ભગવાનના દર્શન કરવાનું; બીજું–રાત્રિભોજન છોડી દેવાનું; અને ત્રીજું તત્ત્વજ્ઞાનમાં રસ લેવો. ધર્મનું સારૂં સારૂં વાંચન કરવું. હિંમતનગરમાં મોટો ઉત્સવ થઈ રહ્યો છે, તેના સમાચાર લઈને આવતા મહિને મળીશું. પત્રવ્યવહાર સોનગઢના જ સરનામે કરશો.

जयजिनेन्द्र (–તમારો ભાઈ.)

## —: નવા પ્રશ્નો :- -

પ્ર. (૧) એકવાર એક પુસ્તક વાંચતાં વાંચતાં ગુરુદેવે પૂછ્યું –

**બંધાયેલ હોય તે ચારેકોર ફરે,**

**ને છૂટે તે એક ઠેકાણે સ્થિર રહે.**

– એ કોણ ? તે શોધી કાઢો.

પ્ર. (૨) ચાર અક્ષરનું એક શહેર –

ઘણું સુંદર ને ઘણું રળિયામણું;

જૈનધર્મની જાહોજલાલીથી ભરપૂર;

મોક્ષમાર્ગપ્રકાશકની એ જન્મભૂમિ;

હિંદી સમયસારની પણ એ જ જન્મભૂમિ.

સૌરાષ્ટ્રના જિનમંદિરોમાં ઘણા ખરા ભગવંતો તે નગરીમાંથી આવ્યા છે.

આ મહિને ગુરુદેવ એ નગરીમાં પધારીને મહાન ધર્મપ્રભાવના કરશે. –તો એ નગરી કઈ? તે શોધી કાઢો...ને એકવાર એ નગરી જરૂર જોજો.

પ્ર. (૩) ૨૪ તીર્થંકરોમાંથી ‘મ’ ઉપર જેટલા ભગવાનનાં નામ આવતા હોય તે ભગવાનને શોધી કાઢો.

પહેલી તારીખ સુધીમાં જવાબ લખશો.

### —: તમને શું ગમે ? :—

એક વાર બાલવિભાગના એક સભ્ય ભાઈ બાલવિભાગની ઓફિસે મળવા આવ્યા; ને કામકાજમાં મદદ કરવાની ભાવના વ્યક્ત કરી. બાલવિભાગના ઘણા સભ્યો જ્યારે સોનગઢ આવે ત્યારે બાલવિભાગના કામને પોતાનું જ સમજીને તેમાં મદદ કરવાની ભાવના વ્યક્ત કરે છે, ને જે કામ સોંપાય તે હોંશથી કરી આપે છે; સાથેસાથે થોડીક ધર્મચર્ચા પણ આનંદથી કરે છે. ઉપરોક્ત ભાઈ (જેમનું નામ ભરત) તેણે પણ હોંશથી કહ્યું કે કંઈક ધર્મચર્ચા કરો. તે વખતે પ્રવાસની તૈયારીઓ ચાલતી હતી તેથી કહ્યું –ભાઈ, વિશેષ ટાઈમ તો નથી પણ હું એક નાનકડો પ્રશ્ન લખી આપું છું, ને તમે વિચાર કરીને ૨૪ કલાકમાં તેનો જવાબ લખી આપશો. તમારો જવાબ સારો હશે તો આત્મધર્મમાં છાપીશું. પ્રશ્ન હતો કે– “તમને શું ગમે ?” ભરતજી તો કહે કે સાવ સહેલો પ્રશ્ન છે, હમણાં જ જવાબ મોકલું છું. એમ કહીને એ તો ગયા તે ગયા...આજ ૨૪ કલાકને બદલે ૨૪ દિવસ વીત્યા, પણ હજી જવાબ નથી આવ્યો. તો બંધુઓ, હવે તમે લખી મોકલો કે ‘તમને શું ગમે ?’ જવાબ જેમ બને તેમ ટૂંકમાં લખવો. ભરતજી ! તમેય જવાબ લખજો.

સરનામું –

**આત્મધર્મ બાલવિભાગ**

**સોનગઢ** (સૌરાષ્ટ્ર)

# જયપુરમાં રાજ્યપાલશ્રીના હસ્તે

## પં. ટોડરમલ દ્વિશતાબ્દિ સમારોહનો ભવ્ય ઉદ્‌ઘાટન

–*–

જયપુરમાં પં. ટોડરમલજી સ્મારક–ભવનનું ઉદ્‌ઘાટન, વેદી પ્રતિષ્ઠામહોત્સવ તથા દ્વિશતાબ્દિ સમારોહ નિમિત્તે સોનગઢના સંત પૂ. શ્રી કાનજી સ્વામી તા. ૬–૩–૬૭ના રોજ સંઘ સહિત પધારવાના છે. તેઓશ્રીના પવિત્ર હસ્તે પં. ટોડરમલ સ્મારક–ભવનનું ઉદ્‌ઘાટન તા. ૧૩–૩–૬૭ના રોજ સવારે બાપુનગરમાં થશે અને સ્મારક–ભવનમાં નવનિર્મિત વેદી ઉપર શ્રી સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવશે.

તા. ૧૩–૩–૬૭ના રોજ સાંજે પં. ટોડરમલ દ્વિશતાબ્દિ સમારોહ ઉજવવામાં આવશે, જેનું ભવ્ય ઉદ્‌ઘાટન રાજસ્થાનના રાજ્યપાલ માનનીય શ્રી સમ્પૂર્ણાનન્દજી કરશે. પં. ટોડરમલજી દ્વારા હસ્તલિખિત પ્રાચીન ગ્રન્થ તથા અન્ય દર્શનીય અપ્રાપ્ત જૈન સાહિત્યનું ભવ્ય પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું છે.

આ શુભ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ, જૈનકવિ–સમ્મેલન, જૈનસાહિત્ય–સેમીનાર, સંગીત–સમારોહ વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યા છે. બહારગામથી પણ હજારોની સંખ્યામાં લોકો આવી રહ્યા છે. સમારોહના દરેક વિભાગ માટે જુદી–જુદી સમિતિઓ રચવામાં આવી છે અને તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આપને પણ સહકુટુંબ પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

લિ.

**નેમીચંદ પાટની**

**મંત્રી**

**શ્રી ટોડરમલ સ્મારક-મહોત્સવ-સમિતિ**

–*–



श्री महावीराय नमः।।

# आचार्य कल्प पं॰ टोडरमलजी स्मारक भवन का उद्घाटन, वेदी प्रतिष्ठा महोत्सव तथा द्विशताब्दि समारोह


दि० ६ मार्च से १६ मार्च १६६७ तक

आचार्य कल्प पं० टोडरमलजी महान् विद्वान एवं सुधारक थे, उन्होंने अपने अल्प जीवनकाल में ही अनेक उच्चकोटि के "मोक्षमार्ग प्रकाशक" जैसे अनुपम ग्रन्थों की रचना एवं "गोमट्टसार" जैसे महान् कठिन ग्रन्थों की अर्थ संदृष्टि सहित अत्यन्त सरल भाषा में टीका तैयार करके धर्म, समाज एवं जिनवाणी माता की अपूर्व सेवा की थी।

यह जयपुर नगरी बहुत सौभाग्यशाली है, जहां पर ऐसे २ अनेकों मोक्ष मार्गी महापुरुषों ने जन्म लेकर जिनवाणी की सतत साधना के द्वारा स्व–परकल्याण कर इस नगरी को पवित्र किया। महापुरुष आचार्य कल्प पं० टोडरमलजी ने उसी साधना की रक्षा के लिए अपने आपको इसी भूमि पर बलिदान कर दिया। उनके स्वर्गवास को २०० वर्ष पूर्ण हो रहे हैं। अतः हम सब का कर्तव्य हैं कि उनके उपकार की स्मृति को ताजा करने के लिये एवं उनके बताये हुये मार्ग पर प्रवृत्ति करने के लिये उनके बलिदान को द्विशताब्दि समारोह के रूप में सारे भारतवर्ष में विशेष विशेष आयोजनों के साथ निम्न प्रकार से अखिल भारतीय स्तर पर मनाया जावे।

इस सम्बन्ध में श्री दि० जैन मुमुक्षु मंडल जयपुर की मीटिंग में निम्न निर्णय लिये गये है। अतः समस्त जैन समाज से निवेदन है कि कार्य–क्रमों में पूर्ण उत्साह से भाग लेकर सभी कार्यक्रमों को सकल बनावें।

१. जैनाजैन पत्रों में प्रचार कर द्विशताब्दि समारोह मनाने के लिये समाज मे जागृत्ति उत्पन्न की जावे।
२. दिनांक १३ मार्च ६७ को प्रत्येक स्थान पर विशाल रूप से सभाओं का आयोजन करके पं० टोडरमलजी के व्यक्तित्व एवं गुणों पर विस्तृत प्रकाश डाल कर सर्वसाधारण को इस सम्बन्ध में अवगत कराया जावे।
३. द्विशताब्दि समारोह के अवसर पर पंडित जी साहब के सम्बन्ध में व उनके साहित्य के सम्बन्ध में परिचयात्मक लेख व श्रद्धांजलियाँ आदि संग्रह कर उनके प्रकाशन की व्यवस्था की जावे, अतः मार्च में पं० टोडरमलजी जयन्ती स्मारिका जयपुर में प्रकाशित की जा रही है।
४. उक्त अवसर पर श्री टोडरमलजी साहब की रचनाओं का एव अन्य सत् साहित्य का प्रकाशन किया जावे।
५. अपने आत्म कल्याण के हेतु जैन शास्त्रों के अध्ययन व मनन की रुचि जागृत की जावे।



# बापूनगर ( जयपुर ) में नवनिर्मित टोडरमल स्मारक भवन

जयपुर में पं० टोडरमल द्विशताब्दि समारोह का विशाल आयोजन दि. १३ से १६ मार्च तक किया जा रहा है। जयपुर में पं० टोडरमल स्मारक भवन का निर्माण बापू नगर में हुआ है—उसका उद्घाटन भी दि. १३ मार्च को होगा तथा इसी समय इस स्मारक भवन में श्री सीमंधर भगवान को नव निर्मित वेदी में प्रतिष्ठा पूर्वक स्थापन किया जावेगा तथा पंडित टोडरमलजी की स्वहस्त लिखित प्राचीन ग्रन्थों एव अन्य दर्शन य अलभ्य जैन साहित्य की प्रदर्शनी का भी आयोजन है।

जयपुर जैन समाज के अति आग्रह के कारण एक सप्ताह पूर्व ही सोनगढ के संत पूज्य कानजी स्वामी संघ सहित टोडरमल स्मारक भवन के उद्घाटन तथा वेदी प्रतिष्ठा महोत्सव के लिये दि ६ मार्च को जयपुर पधार रहे है तथा यहां दि० १७ मार्च तक विराजेगे। उनकी छत्रछाया मे ही उपरोक्त सभी आयोजन सम्पन्न होंगे।

इसी अवसर पर पूज्य स्वामी जी द्वारा पं० टोडरमल स्मारक भवन के उद्घाटन के अतिरिक्त अन्य सांस्कृतिक कार्यक्रम, जैन कवि सम्मेलन, जैन साहित्य सेमिनार, संगीत सम्मेलन, धार्मिक नाटक आदि के कार्यक्रम भी सम्पन्न होंगे।

इसके सम्बन्ध में श्री दि. जैन मुमुक्षु मंडल की विशेष मीटिंग में महोत्सव की सुव्यवस्था के लिये श्री टोडरमल स्मारक महोत्सव कमेटी तथा अनेक समितियों का निम्न प्रकार गठन किया गया है।

| | | |
|---|---|---|
| ( १ ) प्रचार समिति | ( २ ) विशेष अतिथि समिति | ( ३ ) पंडाल समिति |
| ( ४ ) वेदी प्रतिष्ठा | ( ५ ) आवास | ( ६ ) भोजन |
| ( ७ ) जल व्यवस्था | ( ८ ) प्रकाश | ( ९ ) द्विशताब्दि समारोह |
| ( १० ) प्रदर्शनी | ( ११ ) स्मारिका | ( १२ ) जलूस |
| ( १३ ) यातायात | ( १४ ) साहित्य प्रचार | ( १५ ) सांस्कृतिक कार्यक्रम |
| ( १६ ) सार्वजनिक सम्पर्क समिति | ( १७ ) सुरक्षा व्यवस्था समिति | |

वेदी प्रतिष्ठा एवं द्विशताब्दि समारोह की तैयारियां जोंरों से प्रारम्भ कर दी गई हैं।

**श्री दि० जैन मुमुक्षु मंडल ( कार्यलय )**
सेठी भवन, फोन नं० ७३०८६
हनुमानजी का रास्ता, जयपुर – ३

निवेदक –
**मन्त्री**
**श्री टोडरमल स्मारक महोत्सव कमेटी, जयपुर**

**बुलेटिन नं० १।   प्रचार मंत्री व सम्पादकः- डा० ताराचन्द्र जैन, बरूशी भवन, न्यू कालोनी, जयपुर-१**
**आत्म धर्म के इस अंक का क्रोडपत्र**



ગુરુદેવે બે વખત જેમની ભાવભીની યાત્રા કરાવી; અને ૧૩ વર્ષ બાદ જેમનો મહા-મસ્તકાભિષેક થઈ રહ્યો છે તે વિશ્વપ્રસિદ્ધ બાહુબલી ભગવાન ( શ્રવણબેલગોલ-મૈસુર )

# * પ્રભુને અંતર દિલમાં પ્રેમથકી પધરાવજે રે... *

[ આંકડિયાથી પ્રસ્થાન કરતી વખતે ગુરુદેવે જિનમંદિરમાં ગવડાવેલું ભજન ]

– 卐 –

સાચો અંતરસ્વામી આતમ દિલમાં ધ્યાવજે રે...
અંતર અલખ જગાવી નિર્ભય પદ ઝટ પાવજે રે...
સાચો અંતરસ્વામી આતમદિલમાં ધ્યાવજે રે... ૧

સુખનો દરિયો ગુણથી ભરિયો,
યોગી આતમધ્યાને વરીયો,
પ્રભુને અંતરદિલમાં પ્રેમ થકી પધરાવજે રે...સાચો૦ ૨

ભક્તિ કરજે પ્રભુની ભાવે,
નિજગુણ કર્તા આપ સ્વભાવે,
પોતાને તું ક્ષાયિકભાવે સમાવજે રે...સાચો૦ ૩

ઝટપટ જંજાળોને ત્યાગી,
સત્ય જ્ઞાનથી થા તું રાગી,
વીર વીતરાગી આતમપ્રભુને તું પાવજે રે...સાચો૦ ૪

## –: ગુરુદેવનો કાર્યક્રમ :–

| | |
|---|---|
| ફેબ્રુ. તા. ૨૧ બપોરે સોનગઢ.<br>તા. ૨૨ થી ૨૫ ભાવનગર.<br>તા. ૨૬ થી ૨૮ ( અમદાવાદ, હિંમતનગર, આબુ, પાલી )<br>તા. ૧ માર્ચ કિસનગઢ<br>તા. ૨ કુચામન<br>તા. ૩-૪ લાડનૂ<br>તા. ૫ સીકર | તા. ૬ થી ૧૬ જયપુર<br>તા. ૧૭ ( ફાગણ સુદ છઠ્ઠે ) જયપુરથી ગુરુદેવ સાથે યાત્રાસંઘનું પ્રસ્થાન થશે અને તા. ૨૪ ના રોજ તીર્થધામ સમ્મેદશિખરજી પહોંચશે. તા. ૨૫ માર્ચ ( ફાગણ સુદ ૧૪ શનિવાર ) ના રોજ તીર્થરાજની મંગલયાત્રા થશે. |

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર )